# જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી સુરત

બ્લોક-એ,ત્રીજો માળ, જિલ્લા સેવા સદન-૨ અઠવાલાઈન્સ સુરત- ૩૯૫૦૦૧

ફોન નંબર-0261-2662902, suratdeo@gmail.com, web :-www.suratdeo.org


જા.નં./મા-૨/૨૦૨૫/7909

તા.૨૩/૦૬/૨૦૨૫

01/07

પ્રતિ,

આચાર્યશ્રી,

માધ્યમિક શાળાઓ, તમામ

સુરત. જિ.સુરત

વિષય:- વર્ષ ૨૦૨૫-૨૫ની આદિજાતિના વિદ્યાર્થીઓની શિષ્યવૃત્તિ યોજના બાબત.

સંદર્ભ:- મદદનીશ કમિશનર આદિજાતિ વિકાસની કચેરી, નાનપુરા, સુરતનો પત્ર ક્રમાંક:-મક/આવિ/૨૦૨૫-૨૬/૩૧૫૫ થી ૩૧૫૭ તા.૧૮/૦૬/૨૦૨૫ પત્ર અન્વયે.

આ સાથે મદદનીશ કમિશનર આદિજાતિ વિકાસની કચેરી, નાનપુરા, સુરતના સંદર્ભ દર્શિતપત્ર અન્વયે જણાવવાનું કે આદિજાતિના ધોરણ-૯ અને ૧૦ના વિદ્યાર્થીઓની શિષ્યવૃત્તિ/ સાયકલની દરખાસ્ત અંગેનો આ સાથે સામેલ પરિપત્ર અન્વયે આપની કક્ષાએ યોગ્ય અમલ સારુ.

જિલ્લા શિક્ષણાધિકારી

સુરત, જિલ્લો-સુરત

બિડાણ :- ઉક્ત પરિપત્રની નકલ

મદદનીશ કમિશ્નર આદિજાતિ વિકાસની કચેરી (વર્ગ-૧)
બહુમાળી મકાન, સી-બ્લોક, છઠ્ઠો માળ, નાનપુરા, સુરત
ફોન નં.(ફેક્સ નં) :- (૦૨૬૧) ૨૪૭૬૧૮૧
E-mail Address :- vosurat@gmail.com

જા.નં.મક/આવિ/૨૦૨૫-૨૬/૩૯૫૫ થી ૩૯૫૭ તા.૧૮/૦૬/૨૦૨૫

પ્રતિ
જીલ્લા શિક્ષણાધિકારીશ્રી
સુરત

વિષય :- વર્ષ ૨૦૨૫-૨૬ ની આદિજાતિના વિદ્યાર્થીઓની શિષ્યવૃત્તિ ના આયોજન બાબત

સંદર્ભ :- કમિશ્નરશ્રી આદિજાતિ વિકાસ ગુ.રા.ગાંધીનગરના પત્ર.નં.આવિ/શિક્ષણ/ ફા.નં-૧૪૦૫/૨૦૨૫-૨૬/૧૧૦૭ થી ૧૧૩૫ તા.૧૩/૦૬/૨૦૨૫

જય ભારત સહ ઉપરોક્ત વિષય અને સંદર્ભ અન્વયે જણાવવાનું કે માહે જુન-૨૦૨૫ થી નવુ શૈક્ષણિક સત્ર શરૂ થયેલ છે. આપશ્રીના નિયંત્રણ હેઠળ આવેલ તમામ માધ્યમિક શાળાઓ તરફથી આદિજાતિના વિદ્યાર્થીઓની ધોરણ ૯ અને ૧૦ ની શિષ્યવૃત્તિ/ સાયકલની દરખાસ્ત અંગેનો પરિપત્ર આ સાથે સામેલ રાખી મોકલવામાં આવે છે જે તમામ શાળાઓને મળી રહે અને પરિપત્રમાં દર્શાવેલ સમય મર્યાદા મુજબ કામગીરી થાય તે અંગે આપની કક્ષાએથી જરૂરી આયોજન તથા સુચના અપાય જવા વિનંતી છે.

બિડાણ :- ઉપર મુજબ

RBBaval
મદદનીશ કમિશ્નર
આદિજાતિ વિકાસ
સુરત

નકલ સવિનય રવાના :-
(૧) માન. કમિશ્નરશ્રી, કમિશ્નર આદિજાતિ વિકાસ આદિજાતિ વિકાસની કચેરી ગુ.ર.ગાંધીનગર તરફ જાણ સારૂં.
(૨) માન. કલેક્ટરશ્રી કલેક્ટર કચેરી સુરત તરફ જાણ સારૂં.
(૩) માન. પ્રાયોજના વહીવટદારશ્રી, પ્રાયોજના વહીવટદારની કચેરી સુરત તરફ જાણ સારૂં.

आज़ादी का अमृत महोत्सव

**મદદનીશ કમિશ્નર આદિજાતિ વિકાસની કચેરી (વર્ગ-૧)**
બહુમાળી મકાન, સી-બ્લોક, છઠ્ઠો માળ, નાનપુરા, સુરત
ફોન નં.(ફેક્સ નં) :- (૦૨૬૧) ૨૪૭૬૧૮૧
E-mail Address :- vosurat@gmail.com

જા.નં.મક/આવિ/૨૦૨૫-૨૬/૩૮૫૨

તા.૧૮/૦૬/૨૦૨૫

પ્રતિ
જીલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી
સુરત

વિષય :- અનુ.જનજાતિના બાળકોની તાલુકા વાર રજીસ્ટર સંખ્યા આપવા બાબત.

જયભારત સહ ઉપરોક્ત વિષય અન્વયે જણાવવાનું કે સરકારશ્રી દ્વારા આદિજાતિના બાળકો માટે ધો. ૧ થી ૦૮ માટે પ્રિમેટ્રીક સ્કોલરશીપની યોજના (GOG) અમલમાં હોય જે અન્વયે આપના હસ્તક ચાલતી શાળાઓમાં અભ્યાસ કરતા અનુ.જન જાતિના બાળકોની ચાલુ શૈક્ષણિક વર્ષ ( સર્વ શિક્ષા અભિયાન) ના પોર્ટલ ઉપર રજીસ્ટ્રેશન થયેલ વિધાર્થીઓની સંખ્યા મોકલી આપવા વિનંતી છે. જેથી પ્રિમેટ્રીક સ્કોલરશીપ ની કાર્યવાહી સત્વરે થઇ શકે.

RBBarot

મદદનીશ કમિશ્નર
આદિજાતિ વિકાસ
સુરત

आज़ादी का
अमृत महोत्सव

**મદદનીશ કમિશ્નર આદિજાતિ વિકાસની કચેરી (વર્ગ-૧)**
બહુમાળી મકાન, સી-બ્લોક, છઠ્ઠો માળ, નાનપુરા, સુરત
ફોન નં.(ફેક્સ નં) :- (૦૨૬૧) ૨૪૭૬૧૮૧
E-mail Address :- vosurat@gmail.com

જા.નં.મક/આવિ/૨૦૨૫-૨૬/ ૩૧૫૦ — તા. ૧૮/૦૬/૨૦૨૫

પ્રતિ
જીલ્લા શિક્ષણાધિકારીશ્રી
સુરત

વિષય :- અનુ.જનજાતિના બાળકોની તાલુકા વાર રજીસ્ટર સંખ્યા આપવા બાબત.

જયભારત સહ ઉપરોક્ત વિષય અન્વયે જણાવવાનું કે સરકારશ્રી દ્વારા આદિજાતિના બાળકો માટે ધો. ૯ થી ૧૦ માટે પ્રિમેટ્રીક સ્કોલરશીપની યોજના <u>(GOI)</u> અમલમાં હોય જે અન્વયે આપના હસ્તક ચાલતી શાળાઓમાં અભ્યાસ કરતા અનુ.જન જાતિના બાળકોની ચાલુ શૈક્ષણિક વર્ષ ( સર્વ શિક્ષા અભિયાન) ના પોર્ટલ ઉપર રજીસ્ટ્રેશન થયેલ વિધાર્થીઓની સંખ્યા મોકલી આપવા વિનંતી છે. જેથી પ્રિમેટ્રીક સ્કોલરશીપ ની કાર્યવાહી સત્વરે થઇ શકે.

RBBaval

મદદનીશ કમિશ્નર
આદિજાતિ વિકાસ
સુરત

નં.આવિ/શિક્ષણ/ફા.નં.૧૪૪૪/૨૦૨૫-૨૬/ ૯૨૩૬
કમિશનર આદિજાતિ વિકાસની કચેરી,
બિરસામુંડા ભવન, સેક્ટર-૧૦/એ
ગુજરાત રાજ્ય, ગાંધીનગર
તા. ૨૩/૦૬/૨૦૨૫

પ્રતિ,
શ્રી પંકજ કે. પાઠક,
**Scientist "F"** (સિનીયર ડાયરેક્ટર (IT)),
**National Informatics Centre**
બ્લોક નં.૧૩/૨, સરદાર ભવન,
સચિવાલય, ગાંધીનગર.

વિષય:- વર્ષ:૨૦૨૫-૨૬ માટે પ્રિ-મેટ્રીક શિષ્યવૃત્તિ યોજના/ગણવેશ સહાય/ વિદ્યા સાધના યોજાના અંતર્ગત ડિજીટલ ગુજરાત પોર્ટલ ઓપન કરવા બાબત.

ઉપરોક્ત વિષય પરત્વે જણાવવાનું કે, રાજ્ય સરકાર/ ભારત સરકારશ્રીની યોજનાઓ અંતર્ગત લાભાર્થી/ વિદ્યાર્થીઓને શિષ્યવૃત્તિ/ સહાયનો લાભ સીધા તેઓની બેંક ખાતામાં ડાયરેક્ટ બેનીફીટ ટ્રાન્સફર(DBT) મારફત ચુકવી શકાય તે હેતુથી રાજ્ય સરકારશ્રી દ્વારા ડિજીટલ ગુજરાત પોર્ટલ મારફત શૈક્ષણિક યોજનાનો અમલ કરવામાં આવે છે. જેમાં શાળાના આચાર્યશ્રીઓના સહકારથી ઉક્ત પોર્ટલ મારફત વિદ્યાર્થીઓની ઓનલાઇન દરખાસ્તો મંગાવી શિષ્યવૃત્તિ / ગણવેશ સહાય/ સાયકલ સહાય યોજનાની કામગીરી કરવામાં આવે છે.

નાણાકીય વર્ષ:૨૦૨૫-૦૬ માટે ભારત સરકાર/ રાજ્ય સરકાર પ્રિ-મેટ્રીક શિષ્યવૃત્તિ યોજના, ગણવેશ સહાય તથા વિદ્યા સાધના યોજના હેઠળ અનુ.જનજાતિના પાત્રતા ધરાવતા વિદ્યાર્થી/વિદ્યાર્થીનીઓને શિષ્યવૃત્તિ/ સહાય યોજનાઓમાં લાભ મેળવવા હેતુ ડિજીટલ ગુજરાત પોર્ટલ ઓપન કરવા વિનંતી છે.

કમિશનર
આદિજાતિ વિકાસ
ગુજરાત રાજ્ય, ગાંધીનગર

<u>નકલ સવિનય રવાના</u>:-
માન. અધિક મુખ્ય સચિવશ્રી, આદિજાતિ વિકાસ વિભાગ, નવા સચિવાલય, ગાંધીનગર તરફ જાણ સારૂ.

મદદનીશ કમિશ્નર આદિજાતિ વિકાસની કચેરી (વર્ગ-૧)
બહુમાળી મકાન, સી-બ્લોક, છઠ્ઠો માળ, નાનપુરા, સુરત
ફોન નં.(ફેક્સ નં) :- (૦૨૬૧) ૨૪૭૬૧૮૧
E-mail Address :- vosurat@gmail.com

आज़ादी का अमृत महोत्सव

જા.નં.મક/આવિ/૨૦૨૫-૨૬/૩૧૫૨ થી ૩૧૫૪ — તા.૧૯/૦૬/૨૦૨૫

પ્રતિ
જીલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી
સુરત

વિષય :- વર્ષ ૨૦૨૫-૨૬ ની આદિજાતિના વિદ્યાર્થીઓની શિષ્યવૃત્તિ ના આયોજન બાબત

સંદર્ભ :- કમિશ્નરશ્રી આદિજાતિ વિકાસ ગુ.રા.ગાંધીનગરના પત્ર.નં.આવિ/શિક્ષણ/ ફા.નં-૧૪૦૫/૨૦૨૫-૨૬/૧૧૦૭ થી ૧૧૩૫ તા.૧૩/૦૬/૨૦૨૫

જય ભારત સહ ઉપરોક્ત વિષય અને સંદર્ભ અન્વયે જણાવવાનું કે માહે જુન-૨૦૨૫ થી નવુ શૈક્ષણિક સત્ર શરૂ થયેલ છે. આપશ્રીના નિયંત્રણ હેઠળ આવેલ તમામ પ્રાથમિક શાળાઓ તરફથી આદિજાતિના વિદ્યાર્થીઓની ધોરણ ૧ અને ૦૮ ની શિષ્યવૃત્તિની દરખાસ્ત અંગેનો પરિપત્ર આ સાથે સામેલ રાખી મોકલવામાં આવે છે જે તમામ શાળાઓને મળી રહે અને પરિપત્રમાં દર્શાવેલ સમય મર્યાદા મુજબ કામગીરી થાય તે અંગે આપની કક્ષાએથી જરૂરી આયોજન તથા સુચના અપાય જવા વિનંતી છે.

બિડાણ :- ઉપર મુજબ

મદદનીશ કમિશ્નર
આદિજાતિ વિકાસ
સુરત

<u>નકલ સવિનય રવાના :-</u>

(૧) માન. કમિશ્નરશ્રી, કમિશ્નર આદિજાતિ વિકાસ આદિજાતિ વિકાસની કચેરી ગુ.ર.ગાંધીનગર તરફ જાણ સારૂં.
(૨) માન. કલેક્ટરશ્રી કલેક્ટર કચેરી સુરત તરફ જાણ સારૂં.
(૩) માન. પ્રાયોજના વહીવટદારશ્રી, પ્રાયોજના વહીવટદારની કચેરી સુરત તરફ જાણ સારૂં.

વર્ષ ૨૦૨૫-૨૬ આયોજન
ડિઝીટલ ગુજરાત પોર્ટલ
અગત્યનું/સમયમર્યાદા

નં./આવિ/શિક્ષણ/ફા.નં.૧૪૦૫/૨૦૨૫-૨૬/૧૨૦૭ થી ૧૨૩૫
કમિશનર, આદિજાતિ વિકાસની કચેરી,
બિરસામુંડા ભવન, સેકટર-૧૦/એ
ગુજરાત રાજય, ગાંધીનગર
તા.૨૩/૦૬/૨૦૨૫

પ્રતિ,
(૧) મદદનીશ કમિશ્નરશ્રી,
(આદિજાતિ વિકાસ)
.................જિ.................
(૨) આદિજાતિ વિકાસ અધિકારશ્રી,
(આદિજાતિ વિકાસ)
.................જિ.....................

વિષય:- **Digital Gujarat Portal** પર પ્રિમેટ્રીક શિષ્યવૃત્તિ/ ગણવેશ સહાય યોજનાના અમલ બાબત (વર્ષ ૨૦૨૫-૨૬) **(Website: https://www.digitalgujarat.gov.in)**

ઉપરોક્ત વિષય અન્વયે જણાવવાનું કે રાજ્ય સરકાર / ભારત સરકારશ્રીની યોજનાઓ અંતર્ગત લાભાર્થી/વિદ્યાર્થીઓને શિષ્યવૃતિ/સહાયનો લાભ સીધા તેઓના બેંક ખાતામાં એક જ જગ્યાએથી ડાયરેક્ટ બેનીફીટ ટ્રાન્સફર **(DBT)** મારફત ચુકવી શકાય તે હેતુ થી રાજ્ય સરકારશ્રી દ્વારા **Digital Gujarat Portal** ડેવલોપ કરવામાં આવેલ છે. શાળાના આચાર્યશ્રીઓના સહકારથી ઉક્ત પોર્ટલ મારફત વિદ્યાર્થીઓની ઓનલાઇન દરખાસ્તો મંગાવી શિષ્યવૃત્તિ / ગણવેશ સહાય/ સાયકલ સહાય યોજનાની કામગીરી કરવામાં આવે છે.

**Digital Gujarat Portal**માં આદિજાતિ વિકાસ ખાતાની આ સાથેના પત્રક-અ મુજબની રાજ્ય સરકાર / ભારત સરકારશ્રીની પ્રિ-મેટ્રીક શિષ્યવૃતિ / ગણવેશ સહાય યોજનાઓનો સમાવેશ કરવામાં આવેલ છે. અગાઉના વર્ષે જે રીતે રાજ્ય સરકાર/ભારત સરકારશ્રીની શિષ્યવૃતિ/ગણવેશ સહાય/ સાયકલ સહાય યોજનાઓનો અમલ ડિજિટલ ગુજરાત પોર્ટલ પર કરવામાં આવેલ હતો તે જ રીતે ચાલુ નાણાંકીય વર્ષ ૨૦૨૫-૨૬માં અમલ કરવાનો થાય છે. **Digital Gujarat Portal** પર સૂચનાઓ આપવામાં આવતી હોય છે. વર્ષ:૨૦૨૫-૨૬ના શૈક્ષણિક વર્ષ માટે તમામ જિલ્લા અધિકારીશ્રીઓને સૂચના આપવામાં આવે છે કે આપના કાર્યક્ષેત્ર હેઠળની સંબંધિત તમામ સરકાર માન્ય તમામ પ્રાથમિક, માધ્યમિક શાળાઓ / ગ્રાન્ટ ઇન એઇડ આશ્રમશાળાઓને પરીપત્ર કરી વર્ષ:૨૦૨૫-૨૬માં આ સાથેના પત્રક-અ મુજબની યોજનાઓની દરખાસ્તો સમયસર ઓનલાઇન મેળવવાની રહેશે.

માન. કલેક્ટરશ્રી, માન. જિલ્લા વિકાસ અધિકારીશ્રી, જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી, જિલ્લા શિક્ષણાધિકારીશ્રી તેમજ શાસનાધિકારીશ્રીઓના સંકલન અને સહકારથી આ કામગીરીને સફળતા પૂર્વક પાર પાડવાના લક્ષ સાથે કામગીરી કરવાની છે. જે માટે દરેક સંબધિત શાળાઓને સૂચના આપવા તથા કરવાના થતા પરીપત્રની નમુનારૂપ નકલ સામેલ છે.

**Digital Gujarat Portal** મારફત વર્ષ: ૨૦૨૫-૨૬ ની શિષ્યવૃત્તિ ચુકવણા અંગેની કામગીરીને સફળ બનાવવા નીચેની <u>વિગતોને ધ્યાને રાખવાની રહેશે</u>

૧. સદરહું પોર્ટલ મારફત રાજ્ય સરકાર દ્વારા માન્યતા પ્રાપ્ત તમામ પ્રાથમિક અને માધ્યમિક શાળાઓએ **Online** દરખાસ્ત કરવાની હોવાથી આવી તમામ શાળાઓને આગાઉના વર્ષમાં આપવામાં આવેલ **ID / Password** ના આધારે કામગીરી કરવાની રહેશે. જો કોઇ શાળા પોતાનો પાસવર્ડ યાદ ન હોય તો તેવી શાળાઓએ **"Forget Password" Option** ના આધારે નવો પાસવર્ડ મેળવી લેવાનો રહેશે. (જો કોઇ શાળા પ્રથમ વખત જ લોગીન કરતા હોય તો તેના માટે શાળાનો **DISE Code** તેઓનો યુઝર આઇ.ડી રહેશે અને **By Default** પાસવર્ડ **Abcd@123** રહેશે જે પ્રથમ વખતના લોગીન માટે રહેશે ત્યારબાદ શાળાએ લોગીન થયેથી પાસવર્ડ બદલવાનો રહેશે.)

૨. રાજ્યની તમામ પ્રાથમિક શાળા, માધ્યમિક શાળાઓ તથા ગ્રા.ઇ.એ. આશ્રમશાળાઓ લોગીન કરે / ઓનલાઇન દરખાસ્ત કરે જેથી શિષ્યવૃત્તિને લાયક વિદ્યાર્થી લાભથી વંચિત ન રહી જાય. આ કામગીરી માટે જિલ્લાકક્ષાએ મદદનીશ કમિ.શ્રી/આ.વિ.અધિ.શ્રી (આ.વિ.)એ જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી તથા જિલ્લા શાસનાધિકારીશ્રી તથા જિલ્લા વહીવટી તંત્રના સહયોગથી સત્વરે આ કામગીરી સમયમર્યાદામાં પૂર્ણ કરવાની રહેશે.

૩. શાળા/સંસ્થા જે ઓનલાઇન દરખાસ્તો મોકલશે તે સંબધિત જિલ્લા કચેરીઓમાં ઓનલાઇન આવશે જેથી જિલ્લા કચેરીઓએ પણ સદરહું પોર્ટલમાં **ID/Password** મેળવવા જરૂરી છે. તમામ જિલ્લા કચેરીઓએ અગાઉના વર્ષમાં જે "ડીલીંગ હેન્ડ" તથા "હાયર ઓથોરીટી" ના **ID/Password** આપવામાં આવેલ હતા તે જ **ID/Password** નો ઉપયોગ કરી કામગીરી કરવાની રહેશે. જો કોઇ કર્મચારી/અધિકારીશ્રીએ અગાઉ **ID/Password** મેળવેલ ન હોય તો જિલ્લાની **NIC** કચેરીનો સંપર્ક કરી તાત્કાલિક મેળવી લેવાના રહેશે. જે જિલ્લા કચેરીઓએ હજી પણ **ID/Password** લીધેલ ન હોય તેઓએ તાત્કાલિક દિન-૨માં **ID/Password** મેળવી લેવા તાકીદ કરવામાં આવે છે.

૪. સદરહું પોર્ટલમાં વેરીફીકેશન અને મંજુરી એમ ૨(બે) કક્ષાએ કામગીરી કરવાની હોય કચેરી દીઠ બે **ID/Password** લેવાના રહેશે. વેરીફીકેશન માટે જુ.ક્લાર્ક/સી.ક્લાર્ક/હે.ક્લાર્ક-મદદનીશ આ.વિ.અધિ.શ્રી અને મંજુરી માટે કચેરીના વડા જિલ્લા મદદનીશ કમિ.શ્રી (આ.વિ.) / તથા ડાંગ અને કચ્છ માટે આદિજાતિ વિકાસ અધિકારીશ્રી (આ.વિ.) રહેશે.

૫. ડીજીટલ ગુજરાત પોર્ટલના ટેકનીક્લ કે અન્ય પ્રશ્નો માટે રાજ્ય કક્ષાએથી બનાવવામાં આવેલ ગ્રુપમાં તાત્કાલિક જાણ કરવાની રહેશે. તેમજ ઓનલાઇન પોર્ટલની તમામ પ્રકિયા **Mozila** કે **Chrome** બ્રાઉઝરના અપડેટ થયેલ વર્ઝનમાં કરવાની રહેશે સદરહું બાબત શાળાઓને પણ લાગુ પડે છે.

૬. સદરહું પરીપત્ર મળ્યેથી સરકાર માન્ય તમામ પ્રાથમિક/ માધ્યમિક શાળાઓને તેમજ ગ્રાન્ટ ઇન એઇડ આશ્રમશાળાઓને તાત્કાલિક પરીપત્ર કરવાનો રહેશે તેમજ ચાલુ વર્ષ: ૨૦૨૫-૨૬ ના આયોજનની અને કરવાની થતી કામગીરીની જાણ કરવાની રહેશે.

૭. જિલ્લા અધિકારીશ્રીઓ જે તે જિલ્લાની શૈક્ષણિક સંસ્થા/શાળાઓથી વધુ વાકેફ હોઇ, આ સાથેના નમુના રૂપ પરિપત્રમાં જિલ્લાને અનુરૂપ ફેરફારને અવકાશ છે. તેમજ જિલ્લાએ કરેલ પરિપત્રની નકલ વડી કચેરીએ પણ મોકલી આપવાની રહેશે.

૮. **<u>Family ID Project બાબત</u>**

ફેમીલી આઇ.ડી. પ્રોજેક્ટ અંતર્ગત રાજ્ય પુરસ્કૃત પ્રિ-મેટીક શિષ્યવૃત્તિ યોજનામાં (૧) આધાર નંબર (૨) રેશનકાર્ડ નંબર (૩) રેશનકાર્ડ મેમ્બર આઇ.ડી. અને (૪) ફેમીલી આઇ.ડી. (ડમી ફિલ્ડ)

લેવાની સૂચનાઓ મળેલ છે. જેથી વિદ્યાર્થીઓના (૧) આધાર નંબર (૨) રેશનકાર્ડ નંબર (૩) રેશનકાર્ડ મેમ્બર આઇ.ડી. અને (૪) ફેમીલી આઇ.ડી. (ડમી ફિલ્ડ) નો ડેટા પણ ઓનલાઇન લેવાનો થશે. જે મુજબ આચાર્યશ્રીઓએ એન્ટ્રી કરવાની રહેશે. ફેમીલી આઇ.ડી ડોક્યુમેન્ટને શૈક્ષણિક વર્ષ: ૨૦૨૫-૨૬ થી વૈકલ્પિક રાખેલ છે.

૯. **Aadhaar Based Biometric eKYC કરવા બાબતે અગત્યની સૂચનાઓ:**

સંયુક્ત સચિવશ્રી, ભારત સરકાર મંત્રીમંડળ સચિવાલય, નવી દિલ્હીના તા.૧૬/૧૦/૨૦૨૩ ના નિમપત્ર નં.11011/133/2015-DBT થી ભારત સરકારની યોજનાઓ હેઠળ બાયોમેટ્રીક આધાર ઓથેન્ટીકેશન લાગુ કરવા જણાવેલ હોઇ ભારત સરકાર પ્રિમેટ્રીક શિષ્યવૃત્તિ યોજના (ધોરણ:૯-૧૦) અંતર્ગત તે મુજબ કાર્યવાહી કરવાની રહેશે.

૧૦. **OTR Service :**

ભારત સરકારશ્રીના આદિજાતિ બાબતોના મંત્રાલયની તા.૨૪/૦૨/૨૦૨૫ ની કાર્યવાહી નોંધ મુજબ વર્ષ ૨૦૨૫-૨૬ થી OTR Service મુજબ કામગીરી કરવા રહેશે.

આમ ઉક્ત તમામ વિગતો ધ્યાને લઇ તમામ આનુષાંગિક કામગીરી કરવા તમામ જિલ્લા અધિકારીશ્રીઓને જણાવવામાં આવે છે.

બિડાણ: ઉપર મુજબ

કમિશનર
આદિજાતિ વિકાસ
ગુજરાત રાજ્ય ગાંધીનગર

નકલ સવિનય રવાના:-

(૧) માન. અધિક મુખ્ય સચિવશ્રી, અદિજાતિ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર

(૨) નિયામક, અનુસૂચિત જાતિ કલ્યાણ, ૪/૨, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર

(૩) કમિશ્નરશ્રી, શાળાઓની કચેરી ,જુના સચિવાલય,બ્લોક નં૯/૨ ગાંધીનગરને જાણ તેમજ તમામ શિક્ષણાધિકારીશ્રીને માધ્યમિક શાળાના આચાર્યો ચાલુ વર્ષની કામગીરી સફળ બનાવે તે માટે જિલ્લા કક્ષાએ જરૂરી સુચના આપવા તથા ડીજીટલ ગુજરાત પોર્ટલ પર લોગીન થવા અને કામગીરીનું રોજે-રોજ નિરીક્ષણ કરી સમય મર્યાદામાં પૂર્ણ કરાવવા લોગીન આઇડી પાસવર્ડ મેળવી લે તે મુજબની સુચના આપવા.

(૪) નિયામકશ્રી, પ્રાથમિક શિક્ષણ, જુના સચિવાલય,બ્લોક નં૧૨/૧ ગાંધીનગરને જાણ તેમજ તમામ પ્રાથમિક/તાલુકા શિક્ષણાધિકારીશ્રીને પ્રાથમિક શાળાના આચાર્યો ચાલુ વર્ષની કામગીરી સફળ બનાવે તે માટે જિલ્લા કક્ષાએ જરૂરી સુચના આપવા સારૂ.

(૫) નિયામકશ્રી, વિકસતિ જાતિ કલ્યાણ, જૂના સચિવાલય, ગાંધીનગરને જાણ તથા જરૂરી સંકલન સારૂ.

(૬) નિયામકશ્રી, સમાજ સુરક્ષા, જુના સચિવાલય, ગાંધીનગરને જાણ તથા જરૂરી સંકલન સારૂ.

(૭) શ્રી રમેશ પાઠક, PSA, સ્ટેટ N.I.C. સેન્ટર, બ્લોક નં-૧૩/૨, નવા સચિવાલય, ગાંધીનગરને જાણ તેમજ NIC હસ્તકની જિલ્લા કચેરીઓમાં જાણ કરવા સારૂ.

## ડ્રાફ્ટ પરીપત્ર

**સદરહું પત્રમાં જિલ્લા કક્ષાએ જરૂરીયાત મુજબ સુધારા કરી જિલ્લા વહીવટી તંત્રના સંકલનમાં રહી પરીપત્ર કરવો.**

ડિજિટલ ગુજરાત પોર્ટલ

અગત્યનું/સમયમર્યાદા

પ્રતિ,

આચાર્યશ્રી,

.......................................

.......................................

.......................................

વિષય:- **Digital Gujarat Portal** પર પ્રિમેટ્રીક શિષ્યવૃત્તિ/ગણવેશ સહાય યોજનાના અમલ બાબત (વર્ષ ૨૦૨૫-૨૬) (**Website: https://www.digitalgujarat.gov.in**)

સવિનય ઉપરોક્ત વિષય અન્વયે જણાવવાનું કે રાજ્ય સરકાર/ભારત સરકારશ્રીની યોજનાઓ અંતર્ગત લાભાર્થી/વિદ્યાર્થીઓને શિષ્યવૃતિ/સહાયનો લાભ સીધા તેઓના બેંક ખાતામાં એક જ જગ્યાએથી ડાયરેક્ટ બેનીફીટ ટ્રાન્સફર (**D.B.T.**)થી ચુકવી શકાય તે હેતુ થી રાજ્ય સરકારશ્રી દ્વારા **Digital Gujarat Portal** પર શિષ્યવૃત્તિ માટેનું સોફ્ટવેર ડેવલોપ કરવામાં આવેલ છે. શાળાના આચાર્યશ્રીઓના સહકારથી ઉક્ત પોર્ટલ મારફત વિદ્યાર્થીઓની ઓનલાઇન દરખાસ્તો મંગાવી શિષ્યવૃતિ/ગણવેશ સહાય યોજનાઓની કામગીરી કરવામાં આવે છે.

**Digital Gujarat Portal** માં આદિજાતિ વિકાસ વિભાગની આ સાથેના પત્રક-અ મુજબની રાજ્ય સરકાર / ભારત સરકારશ્રીની પ્રિમેટ્રીક શિષ્યવૃતિ / ગણવેશ સહાય/ સાયકલ સહાય યોજનાઓનો સમાવેશ કરવામાં આવેલ છે. અગાઉના વર્ષે જે રીતે રાજ્ય સરકાર/ભારત સરકારશ્રીની શિષ્યવૃતિ/ગણવેશ સહાય યોજનાઓનો અમલ ડિજિટલ ગુજરાત પોર્ટલ પર કરવામાં આવેલ હતો તે જ રીતે ચાલુ શૈક્ષણિક વર્ષ ૨૦૨૫-૨૬ માં અમલ કરવાનો થાય છે. વર્ષ ૨૦૨૫-૨૬નુ શૈક્ષણિક વર્ષ માટે તમામ આચાર્યશ્રીઓને સૂચના આપવામાં આવે છે કે વર્ષ ૨૦૨૫-૨૬ માં આ સાથેના પત્રક-અ મુજબની યોજનાઓની દરખાસ્તો ઓનલાઇન કરવાની રહેશે. વર્ષ ૨૦૨૫-૨૬ માં આ સાથેના પત્રક મુજબની યોજના ઓફલાઇન પત્રકોના આધારે મંજૂર કરવામાં આવશે નહિ. જેની તમામ શાળાઓએ નોંધ લેવી.

શાળાઓએ **Digital Gujarat Portal**માં ઓનલાઇન એન્ટ્રી/દરખાસ્તો કેવી રીતે કરવી તે અંગેની તાલીમ અગાઉ આપવામાં આવેલ છે. તેમ છતાં ડિજિટલ ગુજરાત પોર્ટલમાં થયેલ સામાન્ય સુધારા-વધારાના કારણે હવે કાર્યવાહી કેવી રીતે કરવી તે અંગેની માર્ગદર્શક સૂચનાઓ આ સાથે સામેલ છે. વિદ્યાર્થીઓની એન્ટ્રી સ્ક્રીનમાં ફેરફાર કરવામાં આવેલ છે અને ચાલુ વર્ષે તમામ વિદ્યાર્થીઓની એન્ટ્રી **"Student Register"** મેનુમાં જઇ **"Edit Student Entry"** પર ક્લીક કરી **"Show"** બટન કલીક કરી અપડેટ કરવી ફરજિયાત છે અને જેટલી વિગતો * **Mark** સાથે છે તે ભરવી ફરજીયાત છે. જે વિદ્યાર્થીઓની સામે **"Entry Completed or Not"** કોલમમાં **"Yes"** લખેલ હશે તે જ વિદ્યાર્થીની પ્રપોઝલ બની શકશે જેની આચાર્યશ્રીઓએ નોંધ લેવાની રહેશે.

તમામ શાળાઓએ અત્રેના ખાતાની આ સાથેના પત્રક-અ મુજબની યોજનાઓની યોજનાવાર ઓનલાઇન દરખાસ્તો સમયસર મોકલવાની રહેશે. ઓનલાઇન દરખાસ્ત મોકલ્યા બાદ દરેક શાળાઓએ

યોજનાવાર દરખાસ્તની નકલ કાઢી પોતાની શાળાના રેકર્ડમાં રાખવાની રહેશે જરૂર પડ્યે અત્રેની જિલ્લા કચેરીએ સદરહું દરખાસ્તની નકલ રજુ કરવાની રહેશે.

વધુમાં અત્રેના ખાતાની ૩ યોજનાઓ જેવી કે (૧) **VKY-1 Pre Matric scholarship for ST (STD: 1 to 10)** (૨) **VKY – 2 Umbrella scheme of Pre Matric Scholarhsip for 9 & 10 th ST Student (GOI)** (૩) **VKY – 1 Uniform Assistance (STD:- 1 to 8)** માં ફરજિયાત વિદ્યાર્થીઓના શિષ્યવૃત્તિના ફોર્મ ભરી શાળા/ સંસ્થા કક્ષાએ રાખવાના રહેશે. જરૂર પડ્યે અત્રેની જિલ્લા કચેરીએ સદરહું ફોર્મની નકલ રજુ કરવાની રહેશે. આ યોજનાઓમાં વિદ્યાર્થીઓના ફોર્મ ભર્યા બાદ જરૂરી આનુષાંગિક તમામ ડોક્યુમેન્ટ મેળવી ફોર્મ સાથે ફરજિયાત રાખવાના રહેશે. જો આ શિષ્યવૃત્તિ ફોર્મ તથા આનુષાંગિક ડોક્યુમેન્ટ રાખવામાં નઇ આવેલ હોય અને તે અંગે કોઇ પ્રશ્નો ઉપસ્થિત થશે તો તે અંગેની જવાબદારી જે તે શાળાની રહેશે જેની નોંધ લેશો.

<u>સાયકલ સહાય યોજના:-</u>

વિદ્યા સાધના યોજના (સાયકલ સહાય) અંતર્ગત ધોરણ – ૯ ની કન્યાઓને ઓનલાઇન દરખાસ્તો કરતી વખતે પિતા/ વાલીના આવકના દાખલાની નકલ તેમજ કન્યાઓના જાતિના દાખલાના નકલ પણ અપલોડ કરવાની હોય પ્રપોઝલ બની ગયા બાદ **Cycle Scheme"** મેનુમાં જઇ **"Tribal Development Department"** ઓપ્શનમાં જઇ **"Praposal Cycle Details"** પર ક્લિક કરી જે પ્રપોઝલ સેન્ડ કરવાની હોય તે પ્રપોઝલના તમામ વિદ્યાર્થીનીઓના જાતિના દાખલાના નકલ તેમજ વાલીના આવકના દાખલાની નકલ અપલોડ કરવાની રહેશે. જાતિ અને આવકના દાખલા અપલોડ કર્યા બાદ જ **Cycle** ની પ્રપોઝલ હાયર ઓથોરીટીને સેન્ડ કરી શકાશે જેની નોંધ લેવા વિનંતી છે.

વિદ્યા સાધના યોજનામાં આચાર્યશ્રી દ્વારા જે સાયકલની પ્રપોઝલ ઓનલાઇન મોકલવામાં આવે, તે મંજૂર થાય ત્યારબાદ આચાર્યશ્રીઓએ સંબંધિત ધોરણ-૯ ની કન્યાઓને સાયકલ વિતરણ કરવાની રહેશે. કન્યાઓને કઇ સાયકલ આપવામાં આવેલ છે તેની વિગતો પણ પોર્ટલ પર અપડેટ કરવાની હોય, સાયકલોની ચેસીસ નંબર, વિદ્યાર્થીનીને સાયકલ ક્યારે પુરી પાડી વિગેરે વિગતો પોર્ટલ પર આપની કક્ષાએથી અપડેટ કરવાની રહેશે. જેથી આપની શાળાની પ્રપોઝલ જ્યારે હાયર ઓથોરીટીએથી મંજૂર થઇ જાય અને સાયકલોનું વિતરણ થઇ જાય ત્યારબાદ તેની વિગતો "Cycle Scheme" મેનું માં જઇ "Tribal Development Department" માં જઇ " Update Cycle Details" ઓપ્શનમાં જઇને અપડેટ કરવાની રહેશે. જેથી જિલ્લામાં કેટલી સાયકલો વિતરણ કરવામાં આવેલ છે તેની ચોક્કસ વિગતો મેળવી શકાય.

- **<u>Family ID Project બાબત</u>**

ફેમીલી આઇ.ડી. પ્રોજેક્ટ અંતર્ગત રાજ્ય પુરસ્કૃત પ્રિમેટીક શિષ્યવૃત્તિ યોજનામાં આધાર નંબર, રેશનકાર્ડ નંબર તથા રેશનકાર્ડ મેમ્બર આઇ.ડી. લેવાની સૂચનાઓ મળેલ છે જેથી તમામ વિદ્યાર્થીઓના આધારનંબર, રેશનકાર્ડ નંબર તથા રેશનકાર્ડ મેમ્બર આઇ.ડી., નો ડેટા પણ ઓનલાઇન લેવાનો થશે. જે માટે પ્રિમેટ્રીક શિષ્યવૃત્તિ યોજના અંતર્ગત ઓનલાઇન એન્ટ્રી કરતી વખતે એન્ટ્રી સ્ક્રીનમાં પણ જરૂરી સુધારા-વધારા કરવામાં આવેલ છે જે મુજબ આચાર્યશ્રીઓએ એન્ટ્રી કરવાની રહેશે. ફેમીલી આઇ.ડી ડોક્યુમેન્ટને શૈક્ષણિક વર્ષ: ૨૦૨૫-૨૬ થી વૈકલ્પિક રાખેલ છે.

- **<u>Aadhaar Based Biometric eKYC કરવા બાબતે અગત્યની સૂચનાઓ</u>**
  - સંયુક્ત સચિવશ્રી, ભારત સરકાર મંત્રીમંડળ સચિવાલય, નવી દિલ્હીના તા.૧૬/૧૦/૨૦૨૩ ના નિમપત્ર નં.11011/133/2015-DBT થી ભારત સરકારની યોજનાઓ હેઠળ બાયોમેટ્રીક આધાર ઓથેન્ટીકેશન લાગુ કરવા જણાવેલ હોઇ ભારત સરકાર પ્રિમેટ્રીક શિષ્યવૃત્તિ યોજના (ધોરણ:૯-૧૦) અંતર્ગત તમામ વિદ્યાર્થીઓનું ફરજિયાત **Aadhaar Based Biometric eKYC** કરવાનું રહેશે.

- **OTR Service :**
  - ભારત સરકારશ્રીના આદિજાતિ બાબતોના મંત્રાલયની તા.૨૪/૦૨/૨૦૨૫ ની કાર્યવાહી નોંધ મુજબ વર્ષ ૨૦૨૫-૨૬ થી OTR Service મુજબ કામગીરી કરવા રહેશે..

<u>શાળાએ ઓનલાઇન દરખાસ્ત કરવા માટે ધ્યાનમાં રાખવાના મુદ્દા:</u>

૧. ઓનલાઇન દરખાસ્ત **https://www.digitalgujarat.gov.in** મારફત કરવાની રહેશે.

૨. તમામ શાળાઓને ગત વર્ષમાં શિષ્યવૃતિની કામગીરી માટે ઉક્ત પોર્ટલના **ID/Password** આપવામાં આવેલ જ છે જેની મદદથી શિષ્યવૃતિની ઓનલાઇન કામગીરી કરવાની રહેશે. જો કોઇ શાળા પોતાનો પાસવર્ડ યાદ ન હોય તો તેવી શાળાઓએ **"Forget Password" Option** ના આધારે નવો પાસવર્ડ મેળવી લેવાનો રહેશે. (જો કોઇ શાળા પ્રથમ વખત જ લોગીન કરતા હોય તો તેના માટે શાળાનો **DISE Code** તેઓનો યુઝર આઇ.ડી રહેશે અને **By Default** પાસવર્ડ **Abcd@123** રહેશે જે પ્રથમ વખતના લોગીન માટે રહેશે ત્યારબાદ શાળાએ લોગીન થયેથી પાસવર્ડ બદલવાનો રહેશે.)

૩. જે શાળાઓએ આજ દિન સુધી પોર્ટલમાં લોગીન કરેલ ન હોય તે પ્રત્યેક શાળા/સંસ્થાએ દિન-૨માં ડીજિટલ ગુજરાત પોર્ટલમાં પોતાના યુઝર આઇ.ડી./પાસવર્ડથી પ્રથમ વખત લોગીન કરી લેવાનુ રહેશે.

૪. શાળાઓએ પોતાની શાળાના અનુસૂચિત જનજાતિના વિદ્યાર્થીઓની નવી એન્ટ્રી/જુની એન્ટ્રીની ખરાઇ આ સાથેના માસવાર આયોજન પત્રક મુજબ પૂર્ણ કરવાની રહેશે. (સીસ્ટમ દ્વારા ગત વર્ષના તમામ વિદ્યાર્થીઓની એન્ટ્રી એક ધોરણ **UP** (પ્રમોટ) કરી વર્ષ ૨૦૨૫-૨૬ માટે ઓટોમેટીક મૂકવામાં આવનાર છે. જેથી શાળા/સંસ્થાઓએ ગત વર્ષના વિદ્યાર્થીઓની એન્ટ્રી ફરી કરવાની રહેતી નથી માત્ર ને માત્ર વિદ્યાર્થીઓની એન્ટ્રીની ખરાઇ કરવાની રહે છે. એટલે કે જો કોઇ વિદ્યાર્થીની માહિતી ગત વર્ષે ક્ષતિ વાળી એન્ટર થઇ ગયેલ હોય તો તેને સુધારી લેવાની રહેશે.જો કોઇ વિદ્યાર્થી શાળા છોડી અન્ય શાળામાં ગયેલ હોય તો તેવા વિદ્યાર્થીની એન્ટ્રી ફરજિયાત **Delete** કરવાની રહેશે. (વર્ષ:૨૦૨૪-૨૫ માટે તમામ વિદ્યાર્થીઓની એન્ટ્રી ૧ વાર **"Student Register"** મેનુમાં જઇ **"Edit Student Entry"** પર ક્લીક કરી **"Show"** બટન કલીક કરી અપડેટ કરવી ફરજિયાત છે. જે વિદ્યાર્થીઓની સામે **"Entry Completed or Not"** કોલમમાં **"Yes"** લખેલ હશે તે જ વિદ્યાર્થીની પ્રપોઝલ બની શકશે જેની આચાર્યશ્રીઓએ નોંધ લેવાની રહેશે.)

૫. વિદ્યાર્થીઓની એન્ટ્રી એક વખત કરવાની હોય વિદ્યાર્થીઓની તમામ મરજીયાત અને ફરજીયાત વિગતો અવશ્ય નાખવામાં આવે તે વધુ હિતાવહ છે કારણકે આવતા વર્ષે ફરીથી આ વિદ્યાર્થીના ધોરણ સિવાયની માહિતી બદલવાની રહેતી નથી સિવાય કે વિદ્યાર્થીએ અભ્યાસ છોડી દીધેલ હોય.

૬. તમામ વિદ્યાર્થીઓના બેંક એકાઉન્ટ નંબર, બેંકનુ નામ, બેંક બ્રાન્ચનુ નામ, **IFSC Code**ની વિગતો આપવી ફરજીયાત છે કારણકે તેના જ આધારે વિદ્યાર્થીઓના ખાતામાં સીધી શિષ્યવૃતિની રકમ જમા કરવાની હોય છે. વિદ્યાર્થીઓની બેંક ખાતાની વિગતો ખોટી આપવામાં આવશે અને શિષ્યવૃતિ અન્યના ખાતામાં જમા થશે તે અંગેની જવાબદારી શાળા/સંસ્થાની રહેશે.

૭. જે વિદ્યાર્થીઓ પાસે આધારકાર્ડ હોય તેવા તમામ અનુજનજાતિનાં વિદ્યાર્થીઓના આધારકાર્ડની વિગતો આપવાની રહેશે, તમામ એન્ટ્રી કરી લીધા બાદ શાળાએ તમામ વિદ્યાર્થીઓની તમામ વિગત ઓનલાઇન ચેક કરી લેવી જો કોઇ વિગત **Edit** કરવાની જરૂર જણાય તો દરખાસ્ત બનાવ્યા પહેલા

જ Edit કરી લેવી. ત્યારબાદ જે જાતિના વિદ્યાર્થીઓને જે યોજના લાગુ પડે તે મુજબ શિષ્યવૃતિની ઓનલાઇન દરખાસ્તો (Proposals) કરવી અને સબંધિત જિલ્લા કચેરીને ઓનલાઇન સબમીટ કરવી.

૮. જે વિદ્યાર્થીઓના પોસ્ટ ઓફીસમાં ખાતા હોય તે વિદ્યાર્થીઓના ખાતા પોસ્ટલ બેંકમાં તાત્કાલિક અસરથી ખોલાવી વિદ્યાર્થીની એન્ટ્રી પોર્ટલમાં અપડેટ કરવાની રહેશે અન્યથા તાત્કાલિક નવા બેંક ખાતા ખોલાવી વિદ્યાર્થીની એંટ્રી પોર્ટલમાં અપડેટ કરવાની રહેશે.

૯. જે વિદ્યાર્થીઓની ઉંમર ૧૦ વર્ષ થી ઉપર હોય તેવા વિદ્યાર્થીઓના આધારનંબર સાથે Postal Payment Bank માં "0" ઝીરો બેલેન્સથી તાત્કાલિક બેંક ખાતુ ખોલાવવા અંગેની કાર્યવાહી કરવાની રહેશે.

૧૦. જે વિદ્યાર્થીઓના ગત વર્ષે Epayment થયેલ હતા તેવા વિદ્યાર્થીઓના ખાતામાં શિષ્યવૃત્તિ જમા થઇ શકેલ ન હતી તેવા વિદ્યાર્થીઓના ખાતા ફ્રીઝ/ડોરમેટ/બંધ થઇ ગયેલ નથી તેની પણ ખાતરી કરવા વિદ્યાર્થીઓ સાથે સંકલન કરી કાર્યવાહી કરી ખાતા એક્ટીવ રહે તે મુજબની કાર્યવાહી કરવાની રહેશે.

૧૧. ચાલુ વર્ષે જો કોઇ વિદ્યાર્થીઓને IFMS સીસ્ટમ મારફત Epayment કરતી વખતે Epayment Transaction Fail થાય એટલે કે વિદ્યાર્થીઓના ખાતામાં શિષ્યવૃતિ જમા ન થાય તો તેવા વિદ્યાર્થીઓની યાદી શાળાના લોગીનમાં Utility ➔ Update Payment Failed Student Account મેનુ પર ક્લીક કરવાથી જોઇ શકાશે.

જો વિદ્યાર્થીનું ખાતુ ડોરમેન્ટ હોઇ ફ્રીઝ હોય કે ઇન એક્ટીવ હોય તો તેવા વિદ્યાર્થીઓને "Consent for Reactivated Dormat/ Freeze / Inactive Account " બટનપર ક્લીક કરી જોઇ શકાશે અને આવા વિદ્યાર્થીઓને સંબધિત બેંકનો સંપર્ક કરાવી ખાતુ એક્ટીવ કરાવી ફરી જિલ્લામાં ઓનલાઇન મોકલી આપવાનું રહેશે.

જો વિદ્યાર્થીનો ખાતા નંબર ખોટો નખાઇ ગયેલ હોય તો "Update Bank Account(If Account / IFSC Code Wrong)" બટન પર ક્લીક કરી જે તે વિદ્યાર્થીની બેંકની વિગતો સુધારી ફરી જિલ્લામાં ઓનલાઇન મોકલવાનું રહેશે. તમામ આચાર્યશ્રીઓને ખાસ વિનંતી કે આ મેનુંમાં વિદ્યાર્થી દેખાતા થયેથી તુર્તજ વિદ્યાર્થીની વિગતો અપડેટ કરી/સુધારી દિન-૨માં વિગતો જિલ્લા કચેરીને ઓનલાઇન મોકલી આપવાની રહેશે.

૧૨. નવા વિદ્યાર્થીઓના જો બેંક એકાઉન્ટ ના હોય તો તેના પિતા/વાલીના બેંક ખાતા મેળવીને Student Entry પૂર્ણ કરવી. એક પિતા/વાલીનુ બેંક એકાઉન્ટ વધુમાં વધુ ૨ વિદ્યાર્થીઓની એન્ટ્રીમાં નાખી શકાશે.

૧૩. ધો:૧ થી ધો:૮ના પાત્રતા ધરાવતા વિદ્યાર્થીઓની ગણવેશ સહાયની પ્રપોઝલ શિષ્યવૃતિની પ્રપોઝલ સાથે જ તૈયાર થઇ જતી હોય ગણવેશ સહાયની પ્રપોઝલ ફરી બનાવવાની રહેતી નથી જેની નોંધ તમામ આચાર્યશ્રીઓએ લેવા વિનંતી છે.

૧૪. જો અમુક શાળાઓમાં ધો: ૧ થી ૪, ધો:૫ થી ૮, ધો:૯ થી ૧૦, ધો:૧૧-૧૨ વિગેરે જો અલગ અલગ ચાલતા હોય અને તમામના ડાયસકોડ પણ અલગ અલગ હોય તો તેઓએ જિલ્લાની સર્વ શિક્ષા અભિયાનની કચેરીનો તાત્કાલિક સંપર્ક કરી તેઓની "School Category" સર્વ શિક્ષા અભિયાનના પોર્ટલપર અપડેશન કરાવી લેવાનુ રહેશે. સર્વ શિક્ષા અભિયાનના પોર્ટલ પર "School Category" અપડેશન થયા બાદ જ ડિજિટલ ગુજરાત પોર્ટલમાં કોઇ સુધારા વધારા થઇ શકતા હોય ઉક્ત કામગીરી સંબધિત આચાર્યશ્રીએ તાત્કાલિક કરવાની રહેશે.

૧૫. જો કોઇ શાળા વિદ્યાર્થીની એન્ટ્રી કરતા હોય અને "No Data Found From SSA Server" એવી એરર આવે તો આવા સમયે પ્રથમ આવા વિદ્યાર્થીની એંટ્રી સર્વ શિક્ષા અભિયાનના પોર્ટલ પર કરવાની રહેશે SSA દ્વારા વિદ્યાર્થીને અપાયેલ આધાર ડાયસકોડ મેળવ્યા બાદ જ આવા વિદ્યાર્થીઓની એંટ્રી ડિજિટલ ગુજરાત પોર્ટલ પર થઇ શકશે જેની તમામ આચાર્યશ્રીઓએ નોંધ લેવા વિનંતી છે.

૧૬. NIC દ્વારા વર્ષ:૨૦૨૪-૨૫માં અભ્યાસ કરેલ વિદ્યાર્થીનું એક ધોરણ પ્રમોટ કરીને વર્ષ: ૨૦૨૫-૨૬માં મૂકેલ છે. ગત વર્ષે ૨૦૨૪-૨૫ માં જો વિદ્યાર્થી ધો:૮માં હોય તો આ વર્ષ ૨૦૨૫-૨૬માં ધો:૯માં આવશે. આપની પ્રાથમિક શાળાં ધોરણ: ૧ થી ૮ ની હોવાથી ધોરણ-૯ નો વિદ્યાર્થીઓના ડેટા ડીલીટ કરવા. તેવી જ રીતે આપની શાળા ધોરણ ૧ થી ૫ ની હોય તો વર્ષ:૨૦૨૪-૨૫નાં ધોરણ-૫ નો વિદ્યાર્થી વર્ષ: ૨૦૨૫-૨૬માં ધોરણ: ૬માં દેખાય તો આપની શાળામાં ધોરણ ૫ સુધી જ અભ્યાસક્રમ હોવાથી તેવા વિદ્યાર્થીઓને ડીલીટ મારવા.

૧૭. આચાર્યશ્રીએ સૌપ્રથમ વિદ્યાર્થીઓના બેંક એકાઉન્ટ સંલગ્ન બેંકનો સંપર્ક સાધીને તેઓના બેંક એકાઉન્ટ ડોરમેટે કે ક્લોઝ નથી થઇ ગયા તેની ખાતરી કરવાની રહેશે.

૧૮. વિદ્યાર્થીઓના આધારકાર્ડ નંબર તથા બેંક એકાઉન્ટની ડીટેઇલ્સ જેવા અગત્યના ડોક્યુમેન્ટ હોવાથી વિદ્યાર્થીઓની ડેટા એન્ટ્રી જાતે અથવા શાળાના જાણકાર વ્યકિત પાસે કરાવવી સાયબરકાફે કે આઉટસોર્સથી ડેટાએન્ટ્રી કરાવવી નહી.

૧૯. ભવિષ્યમાં વધારે સારૂ કોમ્યુનીકેશન થઇ શકે તે માટે દરેક શાળાનાં આચાર્યશ્રીએ દરેક શાળાનાં ઇ-મેઇલ આઇડી ક્રિએટ કરવાનું તથા ગુગલ પ્લે સ્ટોરમાં જઇને આચાર્યશ્રીએ તેમના મોબાઇલમાં સંદેશ એપ ડાઉનલોડ કરવાની રહેશે.

૨૦. ધોરણ ૯,૧૦માં માતા-પિતા/વાલીની ૨.૫૦ લાખથી ઓછી આવક ધરાવતા વિદ્યાર્થીઓ માટે આવકનો દાખલો ( આવકનો દાખલો ત્રણ વર્ષ સુધી માન્ય છે) સક્ષમ અધિકારશ્રીનો તથા આધારકાર્ડ, જાતિનો દાખલો જોડવાનો તથા અપલોડ કરવાનો રહેશે.

૨૧. આચાર્યશ્રીઓને તેઓના લોગીનના ડેશબોર્ડમાં જ્યારે માલુમ પડે કે વિદ્યાર્થીઓને શિષ્યવૃત્તિનું ચુકવણું થઇ ગયેલ છે ત્યારે વિદ્યાર્થીઓને તાત્કાલિક જાણ કરવાની રહેશે.

૨૨. ડિજિટલ ગુજરાત પોર્ટલના પ્રશ્નો અન્વયે જરૂર જણાયે ડિજિટલ ગુજરાત પોર્ટલના હેલ્પ ડેસ્ક નં 18002335500 પર સંપર્ક કરવાનો રહેશે.

આ કાર્યવાહી ઝડપી અને સમયમર્યાદામાં કરવાની રહેશે.

મદદનીશ કમિશ્નરશ્રી/આદિજાતિ વિકાસ અધિકારી
આદિજાતિ વિકાસ
જિ.................................

બિડાણ:

૧. અત્રેના ખાતાની ડિજિટલ ગુજરાત પોર્ટલમાં સમાવેશ કરેલ યોજનાઓની વિગત અને શરતો બાબતનુ પત્રક-અ

૨. વર્ષ ૨૦૨૫-૨૬ નું શાળાઓએ કરવાની થતી કામગીરીનું "માસવાર આયોજન" અંગેનુ પત્રક

૩. અનુસૂચિત જનજાતિઓ તથા અનુસૂચિત જનજાતિ પૈકી અતિપછાત જાતિની યાદી

નકલ સવિનય રવાના:

- કમિશનર, આદિજાતિ વિકાસની કચેરી, ગુજરાત રાજ્ય ગાંધીનગર તરફ જાણ સારૂ.

❖ <u>ખાસ અગત્યની અન્ય સૂચનાઓ:</u>

- વિદ્યાર્થી મૂળ ગુજરાતના અનુસુચિત જનજાતિનાં હોવા જોઇએ, અન્ય રાજ્યના વિદ્યાર્થીઓએ તેઓના રાજ્યમાંથી શિષ્યવૃતિ યોજનાનો લાભ લેવાનો રહે છે.
- ઉક્ત શિષ્યવૃતિ યોજનાઓ પૈકી વિદ્યાર્થીને જે યોજનામાં વધારે સહાય મળતી હોય તેવી યોજનાઓમાં સમાવવાના રહેશે.
- તમામ વિદ્યાર્થી ગત વર્ષની પરીક્ષામાં નિયમોનુસાર પાસ થયેલ હોવા જોઇએ અને નિયમિત વિદ્યાર્થીઓની જ દરખાસ્ત કરવાની રહેશે.
- અમાન્ય શાળાઓએ શિષ્યવૃત્તિની દરખાસ્ત કરવી નહી અને તેમ છતાં જો શિષ્યવૃત્તિની દરખાસ્ત કરવામાં આવશે તો જે તે શાળા સામે કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે.
- સદરહું શિષ્યવૃતિનો લાભ મેળવનાર વિદ્યાર્થીને અન્ય યોજના હેઠળ શિષ્યવૃતિ મળવાપાત્ર નથી.

❖ <u>ભારત સરકાર પ્રિ-મેટ્રીક શિષ્યવૃત્તિ યોજના:-</u>

- ભારત સરકાર દ્વારા ધોરણ ૯ -૧૦ માં અભ્યાસ કરતાં (૨.૫૦ લાખ થી ઓછી આવકવાળી) પ્રિ-મેટ્રીક શિષ્યવૃત્તિ યોજના હેઠળ તા.૧૭/૧૦/૨૦૨૨ થી બહાર પાડેલ નવીન માર્ગદર્શિકા મુજબ_વિદ્યાર્થીનું શિડ્યુલ્ડ બેંકમાં આધાર અને મોબાઇલ નંબર સાથે લીંક થયેલ બેંક ખાતું હોવું જોઇએ. તથા અનાથ બાળકનાં કિસ્સામાં કે જેને વાલી દ્વારા મદદ કરાતી હોય તેવા કિસ્સામાં આવકમર્યાદાની શરત લાગુ પડશે નહીં.
- ડીસએબીલીટી અલાઉન્સ (દિવ્યાંગતા ભથ્થું) બાબતે જણાવ્યા મુજબ હોસ્ટેલર દિવ્યાંગજન વિદ્યાર્થીના કિસ્સામાં પ્રતિ માસ રૂ. ૮૦૦/- લેખે વાર્ષિક રૂ. ૯૬૦૦ તથા ડેસ્કોલર દિવ્યાંગજન વિદ્યાર્થીના કિસ્સામાં પ્રતિ માસ રૂ. ૬૦૦ લેખે વાર્ષિક રૂ. ૭૨૦૦ ની સહાય નિયત કરેલ છે. તેમજ અધિનિયમ હેઠળ વ્યાખાયિત અપંગતા રાજ્ય સરકારના સક્ષમ તબીબી અધિકારી દ્વારા પ્રમાણિત હોવી આવશ્યક છે. વિકલાંગતા ભથ્થાની જોગવાઇઓ રક્તપિત્તથી સાજાં થયેલ અને સિકલસેલ એનીમિયા અથવા થેલેસેમિયા ધરાવતાં વિદ્યાર્થીઓને જરૂરી પ્રમાણપત્ર Digital Gujarat Portal પર અપલોડ કરવાના રહેશે.
- આ યોજના હેઠળ ભારત સરકાર દ્વારા આધારબેઝ પેમેન્ટ જ કરવાનું હોઇ આ યોજનામાં પાત્રતા ધરાવતા તમામ વિદ્યાર્થીઓના બેંક ખાતા આધાર સાથે લીંક થઇ જાય તેની તકેદારી તમામ શાળાઓએ રાખવાની રહેશે.

ઉક્ત તમામ શરતો માર્ગદર્શન પુરતી છે. આખરી અર્થઘટન સરકારશ્રીના ઠરાવ મુજબ કરવાનુ રહેશે.

આદિજાતિ વિકાસ વિભાગ, ગાંધીનગર

કમિશનરશ્રી, આદિજાતિ વિકાસની કચેરી, ગાંધીનગર કચેરી, ગાંધીનગર

**પ્રાથમિક/માધ્યમિક શાળાઓ તેમજ ગ્રાન્ટ ઇન એઇડ આશ્રમશાળાઓ પાસેથી વર્ષ:૨૦૨૫-૨૬ની શિષ્યવૃતિ/ગણવેશ સહાય / સાયકલ સહાય યોજનાઓની Online દરખાસ્ત મેળવવા બાબતનુ તેમજ જિલ્લા કચેરીએ કરવાની થતી કામગીરીનું "માસવાર આયોજન" પત્રક**

| અ. | માસ | NIC દ્વારા થનાર કામગીરી | શાળાઓની કામગીરી | જિલ્લા કચેરીએ કરવાની કામગીરી |
|---|---|---|---|---|
| ૧ | જુન-જુલાઇ ૨૦૨૫ | - પ્રિમેટ્રીક શિષ્યવૃતિ યોજનાઓના ગત વર્ષના વિદ્યાર્થીઓનુ ૧ ધોરણ અપગ્રેડ કરી તા:૨૫/૦૬/૨૦૨૫ સુધીમાં વર્ષ:૨૦૨૫-૨૬ માટે પ્રપોઝલ બનાવવા મુકવા. | - વર્ષ:૨૦૨૫-૨૬ના વિદ્યાર્થીઓની માહિતી શાળાના લોગીનમાં NIC દ્વારા મુકવામાં આવશે જે એન્ટ્રી તા:૨૬/૦૬/૨૦૨૫ થી ૨૬/૦૭/૨૦૨૫ સુધીમાં ચેક કરી જો સુધારા વધારા કરવાની જરૂર જણાય તો તે કરી લેવા. (વર્ષ:૨૦૨૫-૨૬ માટે તમામ વિદ્યાર્થીઓની એન્ટ્રી ૧ વાર ચકાસવી ફરજિયાત છે) (જો વિદ્યાર્થીએ શાળા છોડી દીધેલ હોય તો તેની એંટ્રી ડિલીટ કરવી)<br>- તા:૩૧/૦૭/૨૦૨૫ સુધીમાં જેટલા વિદ્યાર્થીઓ પ્રપોઝલ બનવા માટે રેડી હોય તેઓની પ્રપોઝલ બનાવીને મોકલી આપવી. | - તમામ શાળાઓને વર્ષ ૨૦૨૫-૨૬નો પરિપત્ર જિલ્લા કક્ષાએથી સત્વરે મોકલી આપવો.<br>- જેમ જેમ દરખાસ્તો મળતી જાય તેમ અરજીઓ મંજુર કરવી. |
| 3 | ઓગસ્ટ-સપ્ટેમ્બર-ઓક્ટોબર-નવેમ્બર-૨૦૨૫ | - જે વિદ્યાર્થીઓની એન્ટ્રી નવી થાય તેઓનું બેંક વેરીફીકેશન / PFMS Status ચેક કરાવી પ્રપોઝલ બનવા માટે રેડી કરવા.<br>- પ્રપોઝલ તથા બિલોના ટેકનિકલ પ્રશ્નોનું નિરાકરણ કરવુ. | - બાકી રહેલ તમામ વિદ્યાર્થીઓની એન્ટ્રી પૂર્ણ કરવી તેમજ પ્રપોઝલો ક્રિએટ કરી તા:૩૧/૧૦/૨૦૨૫ સુધીમાં **Higher Authority** ને સેન્ડ કરવી. | - વર્ષ ૨૦૨૫-૨૬ની દરખાસ્તો શાળાઓ પાસેથી ઝડપથી મેળવી મંજૂરીની કામગીરી તથા **IFMS/PFMS**માં બિલો બનાવી ચૂકવણાની કામગીરી કરવી અને તા:૦૯/૦૮/૨૦૨૫ સુધીમાં ૮૦% વિદ્યાર્થીઓને શિષ્યવૃત્તિ ચુકવાય જાય તે મુજબ આયોજન કરવુ.<br>- વર્ષ ૨૦૨૫-૨૬ની ૧૦૦% પ્રિમેટ્રીક શિષ્યવૃતિ / ગણવેશ સહાયની પ્રપોઝલ નિયમોનુસાર મંજૂર કરી બિલો બનાવી તમામ વિદ્યાર્થીઓને તા:30/૧૧/૨૦૨૫ સુધીમાં ચૂકવણું થઇ જાય તે મુજબનું આયોજન કરવુ. |


# ડિજિટલ ગુજરાત પોર્ટલ પર અનુસૂચિત જનજાતિના વિદ્યાર્થીઓ માટેની પ્રી મેટ્રીક શિષ્યવૃતિ/ગણવેશ સહાય યોજનાઓ માટે શાળાઓએ વર્ષ:૨૦૨૫-૨૬ માં ઓનલાઇન એન્ટ્રી/દરખાસ્તો (Proposal) કરવા અંગેની અગત્યની માર્ગદર્શક સુચનાઓ

## (વર્ષ: ૨૦૨૫-૨૬)


કમિશનર, આદિજાતિ  વિકાસ
ગુજરાત રાજય
ગાંધીનગર

# પ્રિમેટ્રીક શિષ્યવૃતિ/ગણવેશ સહાય/સાયકલ સહાય યોજનાઓ અંતર્ગત શાળાએ Digital Gujarat Portal પર કરવાની થતી કામગીરીની પધ્ધતિ


➔ https://www.digitalgujarat.gov.in or https://www.digitalgujarat.gov.in/gssp/ વેબસાઇટ ઓપન કરવાથી નીચે મુજબની સ્ક્રીન જોવા મળશે જ્યા Login બટન પર ક્લિક કરવુ.





➔ લોગીન પર ક્લિક કર્યા બાદ નીચે મુજબની સ્ક્રીન જોવા મળશે જેમા "School Login / Institution Login" પર ક્લીક કરવુ.




➔ "School Login / Institution Login" પર ક્લિક કર્યા બાદ નીચે મુજબની સ્ક્રીનમાં જણાવ્યા મુજબ School Login પર ક્લિક રાખી તમામ શાળાઓને આપવામાં આવેલ "User Name", "Password" ની મદદથી લોગીન કરવાનુ રહેશે. તમામ શાળાઓને ગત વર્ષમાં શિષ્યવૃતિની કામગીરી માટે ઉક્ત પોર્ટલના ID/Password આપવામાં આવેલ જ છે જેની મદદથી શિષ્યવૃતિની ઓનલાઇન કામગીરી કરવાની રહેશે. જો કોઇ શાળાને પોતાનો પાસવર્ડ યાદ ન હોય તો તેવી શાળાઓએ "Forget Password" Option ના આધારે નવો પાસવર્ડ બનાવી લેવાનો રહેશે. કોઇ આચાર્યશ્રીનો મોબાઇલ નંબર બદલાયેલ હોય તો તેવા કિસ્સામાં જિલ્લાની SC/ST/OBC કચેરીનો સંપર્ક કરી આચાર્યશ્રી પોતાનો મોબાઇલ નંબર ડિજિટલ ગુજરાત પોર્ટલમાં અપડેટ કરાવી શકશે.(જો કોઇ શાળા પ્રથમ વખત જ લોગીન કરતા હોય તો તેના માટે શાળાનો DISE Code તેઓનો યુઝર આઇ.ડી રહેશે અને By Default પાસવર્ડ તમામ શાળાઓને પરિપત્રથી જણાવવામાં આવેલ છે તે રહેશે જે પ્રથમ વખતના લોગીન માટે રહેશે ત્યારબાદ શાળાએ લોગીન થયેથી પાસવર્ડ બદલવાનો રહેશે.)



➔ ઉક્ત સ્કીન મુજબ ID-Password નાખી “Login” બટન પર ક્લીક કરતા નીચે મુજબની સ્કીન જોવા મળશે જેમા વર્ષ:૨૦૨૪-૨૫ સીલેક્ટ કરી લોગીન કરવાનુ રહેશે. જેથી નવા શૈક્ષણિક વર્ષમાં કામગીરી કરી શકાશે. જો વર્ષ: ૨૦૧૭-૧૮ થી વર્ષ: ૨૦૨૪-૨૫ સીલેક્ટ કરવામાં આવશે તો જે તે વર્ષ દરમિયાન જે કામગીરી કરેલ હતી તેની માહિતી ચકાસી શકાશે.





➔ વર્ષ: ૨૦૨૫-૨૬ સીલેક્ટ કરી લોગીન કર્યા બાદ નીચે મુજબની સ્કીન જોવા મળશે. જે સ્કીન પરથી વર્ષ ૨૦૨૫-૨૬ ના શૈક્ષણિક વર્ષની કામગીરી થઇ શકશે.



➔ ઉક્ત સ્ક્રીન મુજબ તમામ શાળાઓએ "Project" મેનુમાં જઇ "Scholarship" ઓપ્શન પર ક્લીક કરવાનુ રહેશે જેથી સ્કોલરશીપની કામગીરીને લગતા તમામ મેનું જોઇ શકાય અને શિષ્યવૃત્તિની તમામ કામગીરી સહેલાઇથી થઇ શકે.

➔ ઉક્ત સ્ક્રીન મુજ્બ "Students Register"માં જઇ "Students Entry New" પર ક્લિક કરતા વિદ્યાર્થીની નવી એન્ટ્રી કરી શકાય છે.

➔ વર્ષ:૨૦૨૩-૨૪થી એન્ટ્રી સ્ક્રીનમાં ફેરફાર કરવામાં આવેલ હતો અગાઉ વિદ્યાર્થીની એન્ટ્રી એક જ પેજ પરથી થઇ શકતી હતી જેને વર્ષ: ૨૦૨૩-૨૪થી પાંચ ભાગમાં Divide કરવામાં આવેલ છે અને અમુક ફીલ્ડ પણ ઉમેરવામાં આવેલ હતા. વધુમાં વર્ષ:૨૦૨૪-૨૫માં પણ અમુક ફીલ્ડ એન્ટ્રી વખતે ઉમેરવામાં આવેલ છે.




➔ તમામ વિદ્યાર્થીઓની એન્ટ્રી એકવાર "Student Register" મેનુમાં જઇ "Edit Student Entry" પર ક્લિક કરી "Show" બટન ક્લિક કરી અપડેટ કરવી ફરજીયાત છે અને જેટલી વિગતો * Mark સાથે છે તે ભરવી ફરજીયાત છે. જે વિદ્યાર્થીઓની સામે "Entry Completed or Not" કોલમમાં "Yes" લખેલ હશે તે જ વિદ્યાર્થીની પ્રપોઝલ બની શકશે જેની આચાર્યશ્રીઓએ નોંધ લેવાની રહેશે.

➔ વિદ્યાર્થીઓની એન્ટ્રી એક વખત કરવાની હોય વિદ્યાર્થીઓની તમામ મરજીયાત અને ફરજીયાત વિગતો અવશ્ય નાખવામાં આવે તે વધુ હિતાવહ છે કારણકે આવતા વર્ષે ફરીથી આ વિદ્યાર્થીના ધોરણ સિવાયની માહિતી બદલવાની રહેતી નથી સિવાય કે વિદ્યાર્થીએ અભ્યાસ છોડી દીધેલ હોય.

➔ ધો:૧ થી ૮ના તમામ વિદ્યાર્થીઓના આધારકાર્ડની વિગતો નાખવામાં આવે તેવુ આયોજન કરવાનુ રહેશે તેમજ ધો: ૯ અને ૧૦ના તમામ વિદ્યાર્થીઓની વિગતો અવશ્ય નાખવાની રહેશે. જો વિદ્યાર્થીઓ પાસે આધારકાર્ડ ન હોય જિલ્લા વહીવટી તંત્ર સાથે સંકલન કરી શાળાના તમામઓને આધારકાર્ડ મળી જાય તે મુજબનું આયોજન કરવાનું રહેશે.

➔ વિદ્યાર્થીઓની આધારની વિગતો નાખ્યા બાદ **"Verify Aadhaar"** બટન પર ક્લિક કરવાનુ રહેશે. જો **"Aadhaar Status" Yes** આવશે તો જ વિદ્યાર્થીની એન્ટ્રી **Save** કરી શકાશે તેમજ પ્રપોઝલ બનાવી શકાશે. અત્રે **"Aadhaar Status"** તો જ **"Yes"** આવશે જ્યારે વિદ્યાર્થીની **"Date of Birth'**, **"Gender"**, **"Name As Per Aadhaar"**, **"UID(Aadhaar Number)"** એ ૪ પ્રકારની માહિતી આધારકાર્ડના ડેટાબેઝ પ્રમાણે નાખવામાં આવેલ હોય.

➔ ભારત સરકારશ્રીની યોજના (**Govt. of India Pre matric scholarship for 9th and 10th**) અંતર્ગત આધારબેઝ ચુકવણું કરવાનું હોય ભારત સરકારશ્રીની યોજના અંતર્ગત પાત્રતા ધરાવતા વિદ્યાર્થીઓના આધારનંબરની વિગતો નાખવી ફરજિયાત છે તેમજ તેવા વિદ્યાર્થીઓના આધારનંબર બેંક ખાતા સાથે લીંક હોવા પણ ફરજિયાત છે. જો આવા વિદ્યાર્થીઓના આધારનંબરની વિગતો ભરવામાં નહિ આવેલ હોય અને આવા વિદ્યાર્થીઓના આધારનંબર બેંક ખાતા સાથે લીંક નહિ હોય તો તેવા વિદ્યાર્થીઓની પ્રપોઝલ બની શકશે નહિ જેની તમામ આચાર્યશ્રીઓએ નોંધ લેવાની રહેશે.

➔ ભારત સરકારશ્રીની યોજના (Govt. of India Pre matric scholarship for 9th and 10th) અંતર્ગત વર્ષ:૨૦૨૩-૨૪થી વિદ્યાર્થીઓના/વાલીના મોબાઇલ નંબર નાખવા પણ ફરજિયાત છે અને તે છેલ્લા વર્ષની હાજરીની વિગતો પણ નાખવી ફરજિયાત છે. જે વિદ્યાર્થીઓની એન્ટ્રીમાં મોબાઇલ નંબરની વિગતો કે છેલ્લા વર્ષની હાજરીની વિગતો નાખવામાં નહિ આવેલ હોય તેવા વિદ્યાર્થીઓની પ્રપોઝલ બની શકશે નહિ જેની તમામ આચાર્યશ્રીઓએ નોંધ લેવાની રહેશે.

➔ રાજ્ય સરકારશ્રીની યોજનાઓ અંતર્ગત બેંકબેઝ ચુકવણું કરવામાં આવતુ હોય તમામ વિદ્યાર્થીઓના બેંક એકાઉન્ટ નંબર, બેંકનુ નામ, બેંક બ્રાન્ચનુ નામ, IFSC Code ની વિગતો આપવી ફરજીયાત છે અને બેંકને લગતી તમામ વિગતો વિદ્યાર્થી પાસેથી બેંક પાસબુકની નકલ મેળવીને એન્ટર કરવાની રહેશે કારણ કે તેના જ આધારે વિદ્યાર્થીઓના ખાતામાં સીધા શિષ્યવૃતિની રકમ જમા કરવાની હોય છે. વિદ્યાર્થીઓની બેંક ખાતાની વિગતો ખોટી આપવામાં આવશે અને શિષ્યવૃતિ અન્યના ખાતામાં જમા થશે તે અંગેની જવાબદારી શાળા/સંસ્થાની રહેશે જેની તમામ શાળાઓએ નોંધ લેવાની રહેશે. (અગાઉના વર્ષે અમુક બેંકનું મર્જર થયેલ હોય વિદ્યાર્થીઓની પ્રપોઝલ ઓનલાઇન મોકલતા પહેલા સંબંધિત વિદ્યાર્થીની બેંક ખાતાની વિગતો અદ્યતન કરવામાં આવેલ છે કે કેમ તેની ખાસ ચકાસણી કરી લેવાની રહેશે.)

➔ રાજ્ય સરકારશ્રીની યોજનાઓ અંતર્ગત ઘણા વિદ્યાર્થીઓને ઓનલાઇન પેમેન્ટ કરતી વખતે વિદ્યાર્થીઓના ખાતા ડોરમેન્ટ એટલે કે સ્થગિત થઇ ગયેલ હોય છે અથવા બંધ થઇ ગયેલ હોય છે એવુ ધ્યાને આવેલ છે. આવા કિસ્સામાં વિદ્યાર્થીને સમયસર શિષ્યવૃતિ ચુકવી શકાતી નથી. જેથી તમામ વિદ્યાર્થીઓ પોતાના ખાતાને KYC કરાવીને રાખે એટલે કે જરૂરી ડોક્યુમેંટ જે તે બેંકને આપીને એક્ટીવ કરાવી રાખે તે મુજબની સૂચના તમામ વિદ્યાર્થીઓને આપવાની રહેશે.


➔ સીસ્ટમ દ્વારા ગત વર્ષના તમામ વિદ્યાર્થીઓની એન્ટ્રી એક ધોરણ UP કરી વર્ષ:૨૦૨૫-૨૬ માટે ઓટોમેટીક મુકવામાં આવનાર છે જેથી શાળા/સંસ્થાઓએ ગત


વર્ષના વિદ્યાર્થીઓની એન્ટ્રી ફરી કરવાની રહેતી નથી. પરંતુ તમામ વિદ્યાર્થીઓની એન્ટ્રી એકવાર "Student Register" મેનુમાં જઇ "Edit Student Entry" પર ક્લિક કરી "Show" બટન ક્લિક કરી અપડેટ કરવી ફરજિયાત છે. જે વિદ્યાર્થીની એન્ટ્રી એકવાર અપડેટ કરેલ હશે તે જ વિદ્યાર્થીની પ્રપોઝલ બની શકશે જેની આચાર્યશ્રીઓએ નોંધ લેવાની રહેશે. વધુમાં ગત વર્ષે જો કોઇ વિદ્યાર્થીની એંટ્રીમાં ક્ષતિ રહી ગઇ હોય તો તેને સુધારી લેવાની રહેશે. તેમજ જો કોઇ વિદ્યાર્થી શાળા છોડી ગયેલ હોય તો તેવા વિદ્યાર્થીની એન્ટ્રી ફરજીયાત Delete કરવાની રહેશે. જો વિદ્યાર્થીની એન્ટ્રી Delete કરવામાં નહિ આવે તો જે શાળામાં વિદ્યાર્થી અભ્યાસ માટે ગયા હશે તે શાળાના આચાર્યશ્રી તેવા વિદ્યાર્થીની એંટ્રી કરી શકશે નહિ જેની ખાસ નોંધ લેશો. શાળાઓએ વિદ્યાર્થીઓની એન્ટ્રીની ખરાઇ શાળાને મળેલ પરિપત્રમાં જણાવેલ તારીખો મુજબ કરી લેવાની રહેશે.

➔ જે વિદ્યાર્થીઓને ગત વર્ષે E-Payment કરવામાં આવેલ હતુ અથવા જે વિદ્યાર્થીઓનું બેંક વેરીફીકેશન "Valid and Verified" થઇને આવશે તેવા તમામ વિદ્યાર્થીની પ્રપોઝલ તુરત જ બની શકશે જ્યારે જે વિદ્યાર્થીઓના ગત Payment Transaction Fail થયેલ હતા અને વિદ્યાર્થીઓને શિષ્યવૃતિ મળી શકેલ ન હતી તેવા વિદ્યાર્થીઓની બેંકની વિગતો Null કરી દેવામાં આવશે અને આવા તમામ વિદ્યાર્થીઓની બેંકની વિગતો "Students Register" માં જઇ "Edit Students Entry" પર ક્લિક કરી ફરજિયાત Update કરવાની રહેશે.

➔ નીચે મુજબની સ્ક્રીન પ્રમાણે વિદ્યાર્થીઓની અગાઉની એન્ટ્રી "Edit Student Entry" મેનુમાં જઇને જોઇ શકાય છે / સુધારી શકાય છે / Delete કરી શકાય છે.

➔ જો કોઇ વિદ્યાર્થી શાળા છોડી અન્ય શાળામાં ગયેલ હોય તો તેવા વિદ્યાર્થીની એન્ટ્રી ફરજિયાત Delete કરવાની રહેશે.







➔ <u>ઉક્ત તમામ કામગીરી જેવી કે વિદ્યાર્થીની એંટ્રી, વિદ્યાર્થીઓની એન્ટ્રી અપડેટ કરવાની કામગીરી, અગાઉના વિદ્યાર્થીની ખરાઇ, જે વિદ્યાર્થીઓ શાળા છોડી ગયેલ હોય તેઓને ડીલીટ કરવાની કામગીરી પૂર્ણ થઇ ગયા બાદ જ વિદ્યાર્થીઓની પ્રપોઝલ બનાવવાની કામગીરી શરૂ કરવાની રહેશે.</u>

➔ તમામ કચેરી (SC/ST/OBC/Defense) ની દરખાસ્ત (Proposal) બનાવવાની પધ્ધતિ એક જ જેવી છે. ઉદા. તરીકે અનુસૂચિત જનજાતિ ખાતાની દરખાસ્ત બનાવવાની પધ્ધતિ અત્રે જણાવેલ છે.

➔ નીચે મુજબની સ્ક્રીનમાં જણાવ્યા પ્રમાણે " TDD ➔ Create Proposal " મેનુ પર ક્લિક કરતા અનુસૂચિત જનજાતિના વિદ્યાર્થીઓની જુદી-જુદી શિષ્યવૃત્તિ યોજનાઓની દરખાસ્તો અત્રેથી બનાવી શકાય છે..






તેમજ “Cycle Scheme → Tribal Development Department → Create Cycle Proposal” મેનુ પર ક્લીક કરતા અનુસૂચિત જાતિની વિદ્યાર્થીઓની સાયકલની પ્રપોઝલ બનાવી શકાશે



➔ ચાલુ વર્ષ: ૨૦૨૫-૨૬ માં જે વિદ્યાર્થીને ગણવેશ મળવાપાત્ર હશે તે વિદ્યાર્થીઓની ગણવેશ સહાયની પ્રપોઝલ શિષ્યવૃતિ યોજનાની પ્રપોઝલની સાથે જ બની જશે. જેથી ગણવેશ સહાય યોજનાની પ્રપોઝલ અલગથી બનાવવાની જરૂરિયાત રહેતી નથી.

➔ "Create Proposal" મેનુ પર ક્લિક કરતા નીચે મુજબની સ્ક્રીન જોવા મળશે જ્યાથી "Scheme Name" પંસદ કરી "Show" બટન પર ક્લિક કરતા શાળાએ જે વિદ્યાર્થીઓની એન્ટ્રી કરેલ હતી તે પૈકી જે વિદ્યાર્થી સીલેક્ટ કરેલ યોજનામાં **Eligible** થતા હશે તે ગ્રીડમાં દેખાશે. અત્રેથી તે વિદ્યાર્થીઓને સીલેક્ટ કરી **"Add to Proposal From Grid"** મેનુ પર ક્લીક કરી પ્રપોઝલમાં એડ કરી પ્રપોઝલ બનાવી શકાય છે. આવી પ્રપોઝલ ને **" Tribal Development Department ➔ Proposal Detail "** મેનુમાં જઇને સેન્ડ કરી શકાય છે.



➔ ઉક્ત સ્કીનમાં જણાવ્યા મુજબ "Tribal Development Department ➔ Proposal Detail " મેનુમાં જઇને પણ પ્રપોઝલ સેન્ડ કરી શકાય છે, જો પ્રપોઝલમાં કોઇ વિદ્યાર્થી પાછળથી ઉમેરવો હોય તો "Edit" બટન પર ક્લિક કરી ઉમેરી શકાય છે, જો પ્રપોઝલ Delete કરવી હોય તો Delete કરી શકાય છે. તેમજ જો પ્રપોઝલ સેન્ડ કરી દીધેલ હોય અને પાછળથી કોઇ સુધારો જણાયો હોય અને ઉચ્ચકક્ષાએથી તે પ્રપોઝલ પર કોઇ નિર્ણય ન લેવાયેલ હોય તો "Withdraw" બટનની મદદથી પ્રપોઝલ પરત ખેચી સુધારો-વધારો પણ કરી શકાય છે.

➔ વર્ષ: ૨૦૨૫-૨૬ માં યોજનાવાર વિદ્યાર્થી પ્રપોઝલમાં તો જ સર્ચ થશે જો વિદ્યાર્થીની એન્ટ્રીના સ્ટેટસ નીચે મુજબના હશે.

| Sr.No | Scheme Name | Entry Status |
|---|---|---|
| 1 | VKY-153- Pre matric Scholarship for ST students (std 1 to 8) & (9 to 10) (GoG) | Entry Completed or Not : Yes<br>Account Verification Status : Valid and Verified Account<br>Verification Status Of Aadhaar : Yes |
| 2 | VKY-153- Pre matric Scholarship for most Backward ST students (std 1 to 8) & (9 to 10) (GoG) | Entry Completed or Not : Yes<br>Account Verification Status : Valid and Verified Account |
| 3 | VKY 2 Govt. of India Pre matric scholarship scheme for ST students (GoI) | Entry Completed or Not : Yes<br>Account Verification Status : Valid and Verified Account<br>Verification Status Of Aadhaar : Yes<br>NPCI Status : Active<br>PFMS Status : Verified |
| 4 | VKY 160 Free Cycle Scheme for Scheduled Tribe Girls Students studying in Std:9 (Vidya Sadhana Yojana) | Entry Completed or Not : Yes<br>Account Verification Status : Valid and Verified Account<br>Verification Status Of Aadhaar : Yes<br>NPCI Status : Active<br>PFMS Status : Verified |

નોંધ: (૧) ઉક્ત ક્રમ નંબર ૪ અને ૫ મુજબની યોજના અંતર્ગત પ્રપોઝલ બનાવતી વખતે જો વિદ્યાર્થી/વાલીનો મોબાઇલ નંબર તેમજ વિદ્યાર્થીની ગત વર્ષની હાજરી એન્ટર કરેલ હશે તો જ વિદ્યાર્થી પ્રપોઝલમાં એડ થવા Show થશે જેની તમામ આચાર્યશ્રીઓએ નોંધ લેવાની રહેશે.

(૨) વર્ષ: ૨૦૨૫-૨૬ માં વિદ્યાર્થીનીની સાયકલની પ્રપોઝલ ત્યારે જ બની શકશે જ્યારે વિદ્યાર્થીનીની શિષ્યવૃત્તિની પ્રપોઝલ બનેલ હોય.

➔ કમિશનર, આદિજાતિ વિકાસ હસ્તકની યોજના Govt. of India Pre matric scholarship scheme 9th & 10th for ST students માં ફરજિયાત વિદ્યાર્થીઓના શિષ્યવૃતિના ફોર્મ ભરી શાળા/સંસ્થા કક્ષાએ રાખવાના રહેશે તેમજ જરૂરી ડોક્યુમેન્ટ પોર્ટલ પર "Proposal Detail" માં જઇ વિદ્યાર્થીવાર અપલોડ પણ કરવાના રહેશે. આ યોજનામાં વિદ્યાર્થીઓના ડોક્યુમેન્ટ અપલોડ થયા બાદ જ વિદ્યાર્થીઓની પ્રપોઝલ ઓનલાઇન સેન્ડ થઇ શકશે જેની તમામ આચાર્યશ્રીઓએ નોંધ લેવી.

**➔ <u>Family ID Project બાબત:</u>**

ગત વર્ષે ફેમીલી આઇ.ડી. પ્રોજેક્ટ અંતર્ગત રાજ્ય પુરસ્કૃત પ્રિમેટીક શિષ્યવૃત્તિ યોજનામાં આધારનંબર, રેશનકાર્ડ નંબર, રેશનકાર્ડ મેમ્બર આઇ.ડી. તથા ફેમીલી આઇ.ડી (Blank) ફરજિયાત ફિલ્ડ તરીકે દાખલ કરવામાં આવેલ હતા, જે ચાલુ વર્ષે મરજિયાત (Non-compulsory) ફિલ્ડ રહેશે. એટલે કે, ઉક્ત વિગતો ના હોય તો પણ ફોર્મ ભરી શકાશે.

**➔ <u>National Scholarship Portal (NSP) સાથે state scholarship portal OTR (One Time Registration) ની વ્યવસ્થા થકી ઈન્ટીગ્રેટ કરવા બાબત.</u>**

ભારત સરકારશ્રીના આદિજાતિ બાબતોના મંત્રાલયની તા.૧૪/૦૨/૨૦૨૫ ના રોજ યોજાયેલ વીડીયો કોન્ફરન્સની કાર્યવાહી નોંધ પત્ર F.No.19012/2019-Sch(Part-1) , Dt.24/02/2025 ના મુદ્દા નં.(ઙ) મુજબ ભારત સરકાર પ્રી મેટ્રિક શિષ્યવૃત્તિ યોજના ( ધોરણ ૯ અને ૧૦ ) State Scholarship portal ને વાળા રાજ્યોને National Scholarship Portal (NSP) સાથે OTR (One Time Registration) ની વ્યવસ્થા દ્વારા ઈન્ટીગ્રેશન કરવા માટે જણાવેલ છે. જે અન્વયે ભારત સરકાર પ્રી મેટ્રિક શિષ્યવૃત્તિ યોજનાનું ભારત સરકારના National Scholarship Portal (NSP) ઈન્ટીગ્રેશન OTR વ્યવસ્થા દ્વારા

કરવાનું થાય છે. આથી વર્ષ ૨૦૨૫-૨૬ થી ભારત સરકાર પ્રી મેટ્રિક શિષ્યવૃત્તિ યોજના અંતર્ગત **OTR Service** મુજબ કામગીરી કરવાની થાય છે.

| | |
|---|---|
| Principal will visit the NSP portal (scholarships.gov.in) and generate the OTR. | આચાર્ય NSP પોર્ટલ (scholarships.gov.in) પર જઈને OTR જનરેટ કરશે. |
| ⇩ | ⇩ |
| Principal will login to the State portal and input the OTR No | આચાર્ય રાજ્યના પોર્ટલમાં લૉગિન કરીને OTR નંબર દાખલ કરશે. |
| ⇩ | ⇩ |
| State portal will request NSP portal to provide the demographic details of student against the OTR | રાજ્ય પોર્ટલ NSP પોર્ટલને OTRના આધારે વિદ્યાર્થીની લોકસાંખ્યિક વિગતો આપવામાં વિનંતી કરશે. |
| ⇩ | ⇩ |
| Principal will submit the scholarship application on State portal. | આચાર્ય રાજ્યના પોર્ટલ પર સ્કોલરશિપ માટેની અરજી નોંધાવશે. |

➔ **વિદ્યા સાધના યોજના બાબત**

**સરસ્વતી સાધના યોજના (સાયકલ સહાય) અંતર્ગત ધો:૯ની કન્યાઓને ઓનલાઇન દરખાસ્તો કરતી વખતે પણ પિતા/વાલીના આવકના દાખલાની નકલ તેમજ કન્યાઓના જાતિના દાખલાની/જાતિ પુરવાર કરતા કોઇ એક આધારભૂત પુરાવાની નકલ પણ અપલોડ કરવાની હોય પ્રપોઝલ બની ગયા બાદ "Cycle Scheme" મેનુમાં જઇ " Commissioner Tribal Development" ઓપ્શનમાં જઇ "Proposal Cycle Detail" પર ક્લિક કરી જે પ્રપોઝલ સેન્ડ કરવાની હોય તે પ્રપોઝલના તમામ વિદ્યાર્થીનીઓના જાતિના દાખલા/જાતિ પુરવાર કરતા કોઇ એક આધારભૂત પુરાવાની નકલ તેમજ તેઓના વાલીના આવકના દાખલાની નકલ અપલોડ કરવાની રહેશે. જાતિ અને આવકના આધાર/પુરાવા અપલોડ કર્યા બાદ જ Cycle ની પ્રપોઝલ હાયર ઓથોરીટીને સેન્ડ કરી શકાશે જેની નોંધ લેવી.**

➔ ચાલુ શૈક્ષણિક વર્ષ ૨૦૨૫-૨૬ માં "Dashboard" અપડેટ કરેલ હોય, કેટલા વિદ્યાર્થીઓની એન્ટ્રી થઇ, કેટલા વિદ્યાર્થીઓની પ્રપોઝલ બની, કેટલી પ્રપોઝલ એપ્રુવ થઇ, કેટલા વિદ્યાર્થીઓનુ બેંક વેરીફીકેશન બાકી છે વિગેરે માહિતી "Dashboard" માંથી ચેક કરી શકાય છે જેનો ઉપયોગ તમામ આચાર્યશ્રીઓએ કરવા વિનંતી છે.

➔ રાજય સરકારશ્રીની યોજના અંતર્ગત ચાલુ વર્ષે જો કોઇ વિદ્યાર્થીઓને E-payment કરતી વખતે E-payment Transaction Fail થાય એટલે કે વિદ્યાર્થીઓના ખાતામાં શિષ્યવૃતિ જમા ન થાય તો તેવા વિદ્યાર્થીઓની યાદી શાળાના લોગીનમાં Utility ➔ Update Payment Failed Student Account મેનુ પર ક્લિક કરવાથી જોઇ શકાશે.

➔ જો વિદ્યાર્થીનું ખાતુ ડોરમેન્ટ હોઇ / ફ્રીઝ હોય કે ઇન એક્ટીવ હોય તો તેવા વિદ્યાર્થીઓને "Consent for Reactivated Dormat/ Freeze / Inactive Account " બટનપર ક્લિક કરી જોઇ શકાશે અને આવા વિદ્યાર્થીઓને સંબંધિત બેંકનો સંપર્ક કરાવી ખાતુ એક્ટીવ કરાવી ફરી જિલ્લામાં ઓનલાઇન મોકલી આપવાનું રહેશે.

➔ જો વિદ્યાર્થીનો ખાતા નંબર ખોટો નખાઇ ગયેલ હોય તો "Update Bank Account(If Account / IFSC Code Wrong)" બટન પર ક્લિક કરી જે તે વિદ્યાર્થીની બેંકની વિગતો સુધારી ફરી જિલ્લામાં ઓનલાઇન મોકલવાનું રહેશે.

➔ તમામ આચાર્યશ્રીઓને ખાસ વિનંતી કે આ મેનુંમાં વિદ્યાર્થી દેખાતા થયેથી તુર્ત જ વિદ્યાર્થીની વિગતો અપડેટ કરી/સુધારી દિન-૨માં વિગતો જિલ્લા કચેરીને ઓનલાઇન મોકલી આપવાની રહેશે. (જો ખાતા Active કરાવ્યા વગર કે સુધાર્યા વગર ફરી હાયર ઓથોરેટીને સેન્ડ કરી દેવામાં આવશે તો તેવા વિદ્યાર્થીઓને ફરી ઓનલાઇન પેમેન્ટ થઇ શકશે નહિ.)

➔ ડિજિટલ ગુજરાત પોર્ટલના પ્રશ્નો અન્વયે જરૂર જણાયે ડિજિટલ ગુજરાત પોર્ટલના હેલ્પ ડેસ્ક નં 18002335500 પર સંપર્ક કરવાનો રહેશે.

---

ડિજિટલ ગુજરાત પોર્ટલ પરની ગત વર્ષ ૨૦૨૩-૨૪ની ઓનલાઇન કામગીરી સારી રીતે પૂર્ણ કરવા
બદલ સર્વે આચાર્યશ્રીઓ તથા શાળાના સ્ટાફશ્રીઓનો
આદિજાતિ વિકાસ વિભાગ, ગુજરાત રાજ્ય, ગાંધીનગર (TDD) તથા
કમિશનરશ્રી, આદિજાતિ વિકાસ, ગુજરાત રાજ્ય ગાંધીનગર (CoTD) આભાર માને છે.

વર્ષ ૨૦૨૫-૨૬ માં પણ ડિજિટલ ગુજરાત પોર્ટલ પરની તમામ ઓનલાઇન કામગીરી ચોકસાઇપૂર્વક અને સમયમર્યાદામાં પૂર્ણ કરવામાં આવે તેવી આચાર્યશ્રીઓ પાસેથી અપેક્ષા રાખવામાં આવે છે.

---

વર્ષ: ૨૦૨૫-૨૬ માં **Digital Gujarat Portal** મારફત **Online** કરવાની થતી પ્રિમેટ્રીક શિષ્યવૃતિ/ગણવેશ સહાય/સાયકલ સહાય યોજનાઓની વિગત (પત્રક-અ)

આદિજાતિ વિકાસ વિભાગ, ગુજરાત રાજ્ય, ગાંધીનગર

કમિશનરશ્રી, આદિજાતિ વિકાસ, ગુજરાત રાજ્ય ગાંધીનગર

| ક્રમ | યોજનાનુ નામ | જાતિ | ધોરણ | કુમાર કન્યા | શિષ્યવૃતિ દર / સહાય (વાર્ષિક) | વાર્ષિક આવક મર્યાદા | શાળાઓની વિગતો |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | **VKY-153- Pre matric Scholarship for ST students (std 1 to 8) & (9 to 10) (GoG)** | ST (અનુસૂચિત જનજાતિ) | ધો.૧ થી ૫ | કુમાર/ કન્યા | રૂ.૭૫૦/- | આવક મર્યાદા નથી | સરકારી તથા ખાનગી તથા અનુદાનિત શાળાઓ/ આશ્રમશાળાઓ |
| | | | ધો. ૬ થી ૮ | કુમાર | રૂ.૭૫૦/- | | |
| | | | ધો. ૬ થી ૮ | કન્યા | રૂ.૧૦૦૦/- | | |
| | | | ધો. ૯ થી ૧૦ | કુમાર/ કન્યા | રૂ.૧૦૦૦/- | | |
| ૨ | **VKY-153- Pre matric Scholarship for most Backward ST students (std 1 to 8) & (9 to 10) (GoG)** | ST (અનુસૂચિત જનજાતિ પૈકી માત્ર અતિપછાત જાતિ) | ધો ૧ થી ૮ | કુમાર/ કન્યા | રૂ. ૧૦૦૦/- | આવક મર્યાદા નથી | સરકારી તથા ખાનગી તથા અનુદાનિત શાળાઓ / આશ્રમશાળાઓ |
| | | | ધો ૯ થી ૧૦ | કુમાર/ કન્યા | રૂ.૧૫૦૦/- | | |
| 3 | **VKY 159 Uniform Assistance to ST Students (Std: 1 to 8) (GoG)** | ST (અનુસૂચિત જનજાતિ) | ધો ૧ થી ૮ | કુમાર/ કન્યા | રૂ.૯૦૦/- | આવક મર્યાદા નથી | સરકારી તથા ખાનગી તથા અનુદાનિત શાળાઓ / આશ્રમશાળાઓ |
| ૪ | **VKY 2 Govt. of India Pre matric scholarship scheme (75:25) for ST students** | ST (અનુસૂચિત જનજાતિ) | ધો-૯ થી ૧૦ | કુમાર/કન્યા | હોસ્ટેલરને રૂ.૬૨૫૦/-<br>ડેસ્કોલરને રૂ.૩૦૦૦/- | રૂ.૨,૫૦,૦૦૦/- | સરકારી તથા ખાનગી તથા અનુદાનિત શાળાઓ / આશ્રમશાળાઓ |
| ૫ | **VKY 160 Free Cycle Scheme for Scheduled Tribe Girls Students studying in Std:9 (Vidya Sadhana Yojana)** | ST (અનુસૂચિત જનજાતિ) | ધો: ૯ | માત્ર કન્યા | મફત સાયકલ સહાય | રૂ.૬,૦૦,૦૦૦/- | સરકારી તથા ખાનગી તથા અનુદાનિત માધ્યમિક શાળાઓ |

**નોંધ:** ક્રમ નં. ૪ પરની યોજનામાં આધારબેઝ પેમેન્ટ થતું હોઈ એટલેકે આધારનંબર સાથે જે બેંક ખાતુ લીંક હશે તેમા જ રકમ જમા થશે.

આદિજાતિ વિકાસ વિભાગ, ગુજરાત રાજ્ય, ગાંધીનગર **(TDD)**

કમિશનરશ્રી, આદિજાતિ વિકાસ, ગુજરાત રાજ્ય ગાંધીનગર **(CoTD)**

નોંધ:-

- જે વિદ્યાર્થીઓના ગત વર્ષે Payment Transaction Fail થયેલ હતા તેવા શાળાના તમામ વિદ્યાર્થીઓને જે તે બેંકનો સંપર્ક કરાવી વિદ્યાર્થી/પિતા-વાલીનુ ખાતુ એક્ટીવ રહે તે મુજબની કાર્યવાહી શાળાઓએ કરવાની રહેશે. જે વિદ્યાર્થીઓના ગત વર્ષે E payment થયેલ હતા તેવા વિદ્યાર્થીઓના ખાતા પણ ફ્રીઝ/ડોરમેન્ટ/બંધ થઇ ગયેલ નથી તેની પણ ખાતરી કરવા વિદ્યાર્થીઓ સાથે સંકલન કરી કામગીરી કરવાની રહેશે, વિદ્યાર્થીઓના બેંક ખાતા રાજ્યમાં આવેલી બેંકમાં જ હોય તેની પણ તકેદારી શાળાઓએ રાખવાની રહેશે, વિદ્યાર્થીનું બેંક એકાઉન્ટ વધુમાં વધુ એક (૧) વિદ્યાર્થીઓની એન્ટ્રીમાં જ ઉપયોગ કરી શકાશે.
- જે વિદ્યાર્થીઓના પોસ્ટ ઓફીસમાં ખાતા હોય તે વિદ્યાર્થીઓના ખાતા ઇન્ડીયન પોસ્ટલ બેંકમાં તાત્કાલિક અસરથી ખોલાવી વિદ્યાર્થીની એન્ટ્રી પોર્ટલમાં અપડેટ કરવાની રહેશે, જે વિદ્યાર્થીઓની ઉંમર ૧૦વર્ષ થી વધુ હોય તેવા વિદ્યાર્થીઓના આધારનંબર સાથે Postal Payment Bank માં "0" ઝીરો બેલેન્સથી બેંક ખાતુ ખોલાવી શકાશે, જો વિદ્યાર્થીઓના ખાતા પોસ્ટલ બેંકમાં ખુલી શકે તેમ ન હોય તો તેવા વિદ્યાર્થીઓના તાત્કાલિક નવા બેંક ખાતા ખોલાવી વિદ્યાર્થીની એંટ્રી શાળાઓએ પોર્ટલમાં અપડેટ કરવાની રહેશે.
- જો કોઇ વિદ્યાર્થીને કોઇ એક ધોરણમાં શિષ્યવૃત્તિ મળી ગયેલ હોય તો તે જ ધોરણ માટે ફરી શિષ્યવૃત્તિની દરખાસ્ત ના થાય તેની ખાસ તકેદારી શાળાઓએ રાખવાની રહેશે.
- મુળ ગુજરાતના અનુસૂચિત જનજાતિના વિદ્યાર્થીઓ હોય તેની જ ઓનલાઇન દરખાસ્ત થાય તે બાબતની તકેદારી પણ શાળાઓએ રાખવાની રહેશે.
- ભારત સરકારશ્રીની યોજનાઓ અંતર્ગત આધાર બેઝ પેમેન્ટ જ કરવામાં આવતુ હોય કેંદ્ર સરકારશ્રીની યોજના અંતર્ગત પાત્રતા ધરાવતા તમામ વિદ્યાર્થીઓના બેંક ખાતા આધાર સાથે લીંક થઇ જાય તેની તકેદારી તમામ શાળાઓએ રાખવાની રહેશે.
- વિદ્યાર્થીઓને શિષ્યવૃત્તિ ચુકવાય ત્યારે શાળાના લોગીન મારફત તે જાણી શકાય છે જેથી વિદ્યાર્થીઓને જ્યારે શિષ્યવૃત્તિ ચુકવાય ત્યારે શાળાઓએ સંબંધિત વિદ્યાર્થીઓને જાણ કરવાની રહેશે.

આદિજાતિ વિકાસ વિભાગ, ગાંધીનગર

કમિશનરશ્રી, આદિજાતિ વિકાસની કચેરી, ગાંધીનગર કચેરી, ગાંધીનગર

**પ્રાથમિક/માધ્યમિક શાળાઓ તેમજ ગ્રાન્ટ ઇન એઇડ આશ્રમશાળાઓ પાસેથી વર્ષ:૨૦૨૫-૨૬ની શિષ્યવૃતિ/ગણવેશ સહાય / સાયકલ સહાય યોજનાઓની Online દરખાસ્ત મેળવવા બાબતનુ તેમજ જિલ્લા કચેરીએ કરવાની થતી કામગીરીનું "માસવાર આયોજન" પત્રક**

| અ. | માસ | NIC દ્વારા થનાર કામગીરી | શાળાઓની કામગીરી | જિલ્લા કચેરીએ કરવાની કામગીરી |
|---|---|---|---|---|
| ૧ | જુન-જુલાઇ ૨૦૨૫ | - પ્રિમેટ્રીક શિષ્યવૃતિ યોજનાઓના ગત વર્ષના વિદ્યાર્થીઓનુ ૧ ધોરણ અપગ્રેડ કરી તા:૨૫/૦૬/૨૦૨૫ સુધીમાં વર્ષ:૨૦૨૫-૨૬ માટે પ્રપોઝલ બનાવવા મુકવા. | - વર્ષ:૨૦૨૫-૨૬ના વિદ્યાર્થીઓની માહિતી શાળાના લોગીનમાં NIC દ્વારા મુકવામાં આવશે જે એન્ટ્રી તા:૨૬/૦૬/૨૦૨૫ થી ૨૬/૦૭/૨૦૨૫ સુધીમાં ચેક કરી જો સુધારા વધારા કરવાની જરૂર જણાય તો તે કરી લેવા. (વર્ષ:૨૦૨૫-૨૬ માટે તમામ વિદ્યાર્થીઓની એન્ટ્રી ૧ વાર ચકાસવી ફરજિયાત છે) (જો વિદ્યાર્થીએ શાળા છોડી દીધેલ હોય તો તેની એંટ્રી ડિલીટ કરવી)<br>- તા:૩૧/૦૭/૨૦૨૫ સુધીમાં જેટલા વિદ્યાર્થીઓ પ્રપોઝલ બનવા માટે રેડી હોય તેઓની પ્રપોઝલ બનાવીને મોકલી આપવી. | - તમામ શાળાઓને વર્ષ ૨૦૨૫-૨૬નો પરિપત્ર જિલ્લા કક્ષાએથી સત્વરે મોકલી આપવો.<br>- જેમ જેમ દરખાસ્તો મળતી જાય તેમ અરજીઓ મંજુર કરવી. |
| 3 | ઓગસ્ટ-સપ્ટેમ્બર-ઓક્ટોબર-નવેમ્બર-૨૦૨૫ | - જે વિદ્યાર્થીઓની એન્ટ્રી નવી થાય તેઓનું બેંક વેરીફીકેશન / PFMS Status ચેક કરાવી પ્રપોઝલ બનવા માટે રેડી કરવા.<br>- પ્રપોઝલ તથા બિલોના ટેકનિકલ પ્રશ્નોનું નિરાકરણ કરવુ. | - બાકી રહેલ તમામ વિદ્યાર્થીઓની એન્ટ્રી પૂર્ણ કરવી તેમજ પ્રપોઝલો ક્રિએટ કરી તા:૩૧/૧૦/૨૦૨૫ સુધીમાં Higher Authority ને સેન્ડ કરવી. | - વર્ષ ૨૦૨૫-૨૬ની દરખાસ્તો શાળાઓ પાસેથી ઝડપથી મેળવી મંજૂરીની કામગીરી તથા IFMS/PFMSમાં બિલો બનાવી ચૂકવણાની કામગીરી કરવી અને તા:૦૯/૦૮/૨૦૨૫ સુધીમાં ૮૦% વિદ્યાર્થીઓને શિષ્યવૃત્તિ ચુકવાય જાય તે મુજબ આયોજન કરવુ.<br>- વર્ષ ૨૦૨૫-૨૬ની ૧૦૦% પ્રિમેટ્રીક શિષ્યવૃતિ / ગણવેશ સહાયની પ્રપોઝલ નિયમોનુસાર મંજૂર કરી બિલો બનાવી તમામ વિદ્યાર્થીઓને તા:૩૦/૧૧/૨૦૨૫ સુધીમાં ચૂકવણું થઇ જાય તે મુજબનું આયોજન કરવુ. |